
# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

તા. બારડોલી. જિ. સુરત.

રજીસ્ટ્રેશન નંબર : સે-૯ તા. ૩૧ મી માર્ચ ૧૯૬૪

ઉદ્યમેવ હી સિધ્યન્તિ




**૪૭મો**

# વાર્ષિક અહેવાલ અને હિસાબ

## વર્ષ : ૨૦૧૧-૨૦૧૨

(તા. ૧-૪-૨૦૧૧ થી તા. ૩૧-૩-૨૦૧૨ સુધી)

સુરેશભાઈ જે. પટેલ
ઉપ-પ્રમુખ

દિલીપભાઈ બી. ભક્ત
પ્રમુખ

એમ. એલ. રાઠોડ
મેનેજીંગ ડીરેક્ટર

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## -:: વ્યવસ્થાપક કમિટિ સને : ૨૦૧૧-૨૦૧૨ ::-

| અ. નં. | નામ | હોદ્દો | ગામ |
|---|---|---|---|
| ૧ | શ્રી દિલીપભાઈ ભીખાભાઈ ભકત | પ્રમુખશ્રી | બાજીપુરા |
| ૨ | શ્રી સુરેશભાઈ જગુભાઈ પટેલ | ઉપ-પ્રમુખશ્રી | કડોદ |
| ૩ | શ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | ખરવાસા |
| ૪ | શ્રી હસમુખભાઈ ધીરજભાઈ ભકત | કમિટિ સભ્યશ્રી | કપુરા |
| ૫ | શ્રી મહેન્દ્રભાઈ નાથુભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | સેજવાડ |
| ૬ | શ્રી કિશોરભાઈ રણછોડભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | નિઝર |
| ૭ | શ્રી નરેન્દ્રભાઈ મગનભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | ચીખલી(રાજ) |
| ૮ | શ્રી અલ્પેશભાઈ મગનભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | નનસાડ |
| ૯ | શ્રી દિનેશભાઈ ખુશાલભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | ખંજરોલી |
| ૧૦ | શ્રી સુરજરામ ઉર્ફે સુરેશભાઈ રાનીયાભાઈ ચૌધરી | કમિટિ સભ્યશ્રી | કાંટીફળીયા |
| ૧૧ | શ્રી જયપ્રકાશભાઈ બાબુભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | ખોજ |
| ૧૨ | શ્રી માધુભાઈ ધુરીયાભાઈ ચૌધરી | કમિટિ સભ્યશ્રી | વેડછી |
| ૧૩ | શ્રી ખાંડ નિયામકશ્રી ગુજરાત રાજય | રજીસ્ટ્રારશ્રીના પ્રતિનિધિ | ગાંધીનગર |
| ૧૪ | શ્રી મગનભાઈ રણછોડભાઈ પટેલ | મધ્યસ્થ નાણાં ધીરનાર બેંકના પ્રતિનિધિ | વરાડ |
| ૧૫ | ઈનચાર્જ મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત રાજય સ. ખાંડ ઉદ્યોગ સંઘ ગાંધીનગરનાં પ્રતિનિધિ | | ગાંધીનગર |
| ૧૬ | શ્રી એમ. એલ. રાઠોડ | મેનેજીંગ ડીરેકટરશ્રી (એકસ ઓફીસીયો) | મઢી |

## -:: એકઝીકયુટીવ કમિટિ સને : ૨૦૧૧-૨૦૧૨ ::-

| અ. નં. | નામ | હોદ્દો | ગામ |
|---|---|---|---|
| ૧ | શ્રી દિલીપભાઈ ભીખાભાઈ ભકત | પ્રમુખશ્રી | બાજીપુરા |
| ૨ | શ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ | ક. સભ્યશ્રી | ખરવાસા |
| ૩ | શ્રી હસમુખભાઈ ધીરજભાઈ ભકત | ક. સભ્યશ્રી | કપુરા |
| ૪ | શ્રી કિશોરભાઈ રણછોડભાઈ પટેલ | ક. સભ્યશ્રી | નિઝર |
| ૫ | શ્રી ખાંડ નિયામકશ્રી ગુજરાત રાજય | રજીસ્ટ્રારશ્રીના પ્રતિનિધિ | ગાંધીનગર |
| ૬ | શ્રી મગનભાઈ રણછોડભાઈ પટેલ | બેંકના પ્રતિનિધિશ્રી | વરાડ |
| ૭ | શ્રી એમ. એલ. રાઠોડ | મેનેજીંગ ડીરેકટરશ્રી (એકસ ઓફીસીયો) | મઢી |

## -:: આમંત્રિત સભ્યશ્રી ::-

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી સુરેશભાઈ જગુભાઈ પટેલ | ઉપ-પ્રમુખશ્રી | કડોદ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## ❀ સૂચના ❀

આથી સદરહુ મંડળીના સર્વે સભાસદોને ખબર આપવામાં આવે છે કે, આ સંસ્થાની સુડતાલીસમી (૪૭) **વાર્ષિક સાધારણ સભા તા. ૦૬-૧૧-૨૦૧૨ ને મંગળવાર** નારોજ બપોરે ૧-૦૦ કલાકે સંસ્થાની રજીસ્ટર્ડ ઓફિસનાં સ્થળે મળશે, તો સદર સભામાં અહેવાલ સાથે હાજર રહેવા વિનંતી છે.

## સભામાં નીચેના કામો રજુ થશે.

૧. ગત વર્ષની તા. ૨૯-૧૧-૨૦૧૧ નારોજ મળેલી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વાંચનમાં લઈ બહાલ રાખવા બાબત.

૨. સંસ્થાનાં સને ૨૦૧૧-૨૦૧૨ (તા. ૧-૪-૨૦૧૧ થી તા. ૩૧-૩-૨૦૧૨) નાં વર્ષનો અહેવાલ તથા વ્યવસ્થાપક કમિટિએ મંજુર કરેલ હિસાબ તથા સરવૈયું આ સાથે સામેલ છે, તે મંજુર કરવા બાબત.

૩. સને ૨૦૧૧-૨૦૧૨ના વર્ષની ઓડિટનોટની દુરસ્તી જે વ્યવસ્થાપક કમિટિએ મંજુર કરેલ છે. તેને વાંચનમાં લઈ નોંધ લેવા બાબત.

૪. પેટા-નિયમ-૪ મુજબ બોર્ડ ઓફ ડિરેક્ટર્સને સંસ્થાના કામ માટે જરૂરી કરજ ઉભું કરવા તેમજ તમામ કામકાજોનો અધિકાર આપવા બાબત.

૫. પ્રમુખ સ્થાનેથી રજુ થાય તે કામો.

લિ.

સ્થળ :- મઢી. ૩૯૪ ૩૪૦
તા. ૧૭-૧૦-૨૦૧૨

(એમ. એલ. રાઠોડ)
મેનેજીંગ ડીરેક્ટર
બોર્ડ ઓફ ડીરેક્ટર્સનાં આદેશથી

તા. ક. :-

૧. સભાસદોને હિસાબી કામકાજ અંગેની બીજી કોઈપણ માહિતીની જરૂર હોય તો તેમણે સભાનાં સાત દિવસ અગાઉ ઓફિસ સમય દરમ્યાન જ આવી સમજી જવા વિનંતી.

૨. સભામાં સંસ્થાનાં સભાસદોને જ સભાના સ્થળે ઓળખપત્ર જોઈને પ્રવેશ આપવામાં આવશે, જેથી દરેક સભાસદ ભાઈ-બહેનોએ ઓળખપત્ર સાથે લાવવા વિનંતી.

૩. કોરમનાં અભાવે મુલતવી રહેલ સભા અર્ધા કલાક બાદ મળશે, જેને કોરમનો બાધ લાગશે નહિ.

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## -:: પ્રમુખશ્રીનું નિવેદન ::-

**સુજ્ઞ સભાસદભાઈઓ તથા બહેનો,**

આપણી સંસ્થાની ૪૭મી વાર્ષિક સાધારણ સભાનાં અવસરે આપ સૌનું હાર્દિક સ્વાગત કરતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. સંસ્થાના સને ૨૦૧૧-૨૦૧૨ ના વ્યવસ્થાપક સમિતિએ મંજુર કરેલ હિસાબો, માહિતીદર્શક આંકડા તેમજ જરૂરી પરિશિષ્ટો રજુ કરી મારૂં નિવેદન સાદર રજુ કરૂં છું.

**<u>શ્રદ્ધાંજલિ</u> :-**

અહેવાલનાં વર્ષ દરમ્યાન સંસ્થાનાં સભાસદ કામદાર પરિવારો પૈકી અવસાન પામેલ ભાઈ-બહેનોનાં નિધનની સખેદ નોંધ લઉં છું. આપણી સંસ્થાના માજી ડીરેકટર અને સહકારી અગ્રણી એવા ઈશ્વરભાઈ કાળીદાસ હજારી ધામડોદ લુંભા,સહકારી ક્ષેત્રનાં સુમુલ ડેરીનાં ચેરમેનશ્રી સુદામભાઈ પટેલ, સ્વાતંત્ર્ય સેનાની અને સહકારી આગેવાન શ્રી ભગવતીભાઈ બેચરભાઈ પારેખ, માજી કેન્દ્રીય મંત્રીશ્રી કાશીરામભાઈ રાણા, ડેરી ઉદ્યોગના પ્રણેતા એવા ડૉ. કુરિયન તેમજ આપણી સંસ્થાનાં સભાસદ પરિવાર પૈકી અવસાન થયેલ નામી-અનામી વ્યકિતઓનાં દુઃખદ અવસાનની નોંધ લઈ સૌને શ્રદ્ધાંજલિ અર્પુ છું.

આપણી સંસ્થામાં ફરજ બજાવતા કામદાર-કર્મચારીઓના નિધન થયેલ છે તે સૌનાં દુઃખદ નિધનની નોંધ લઈ શ્રદ્ધાંજલિ અર્પુ છું.

...... ૐ શાંતિ ...... ...... ૐ શાંતિ ...... ...... ૐ શાંતિ ......

**<u>ખાંડ ઉદ્યોગ અને આપણી સંસ્થા અને વર્ષ દરમ્યાનની કામગીરીનું અવલોકન</u> :-**

સમગ્ર ભારતમાં દ્વિતીય ખેત આધારીત ઉદ્યોગ તરીકેનું સ્થાન એ ખાંડ ઉદ્યોગ છે, વિશ્વમાં ખાંડનાં ઉત્પાદનમાં મોખરાનું સ્થાન ધરાવતો ભારત દેશ છે. ખાંડ ઉદ્યોગ દ્વારા ખાંડના ઉત્પાદનમાં ક્યારેય નિશ્ચિંતતા અનુભવતો નથી સને : ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં ૨૪૪ લાખ ટનનું ઉત્પાદન થયું જયારે સને ૨૧૧-૨૦૧૨ના વર્ષમાં ૨૬૦ લાખ ટન જેટલું મળેલ છે, આગામી સને ૨૦૧૨-૨૦૧૩ સીઝનમાં ૨૩૦ થી ૨૪૦ લાખ ટન જેટલા ઉત્પાદનની સંભાવના થઈ રહી છે.

સમગ્ર દેશમાં શેરડી પકવનારા ખેડૂતો ૫ કરોડ જેટલી સંખ્યામાં છે, જયારે ખાંડ મીલોમાં કામ કરતા કામદાર-કર્મચારીની સંખ્યા ૫ લાખ જેટલી છે, આ ઉદ્યોગને નડતા કેટલાક પરિબળોનાં ઉકેલ માટે સી. રંગરાજન કમિટિ દ્વારા જે કમિટિનું ગઠન થયેલ તેની જે ભલામણો આવી છે જે પૈકી અંકુશમુકત (લેવી પ્રથા દુર કરવા બાબતે) તેમજ માસિક, ત્રિમાસિકનાં ધોરણે કવોટા જાહેર કરવાની નિતિને બંધ કરવાની ભલામણો થઈ છે, આ આવકારદાયક પગલું ગણાશે. જેની સામે સંચાલક મંડળ દ્વારા (સહકારી ક્ષેત્રોમાં) વિશેષ સાવધાની કેળવવી પડશે એમ માનું છું. જે કેટલીક ભલામણો મીલથી મીલનાં અંતર બાબતે, એરિયા ઓપરેશનની નાબુદી જે કદાચ આવનારા દિવસોમાં દુરોગામી અસરો પણ ઉભી કરી શકે, એવુ મારૂં માનવું છે. આવા તમામ પડકારો વચ્ચે પણ આપણી સંસ્થાને અને આપણે સૌ સભાસદ પરિવારોના ઉજજવળ ભવિષ્ય માટે સતત પ્રયત્નશીલ રહીએ એ અત્યંત જરૂરી છે.

આપણી સંસ્થા દ્વારા ઉત્તમ અને સારા પરિણામો મળી રહે તે માટે હું અને મારા સાથી ઉપ-પ્રમુખશ્રી, સદ્સ્યો સતત પ્રમાણિકપણે પ્રયાસ કરતા રહ્યાં છીએ. સીઝન ૨૦૧૧-૨૦૧૨ નો શુભારંભ તા. ૨૩-૧૦-૨૦૧૧ના રોજથી કરવામાં આવેલ, ૧૫૯ દિવસ કારખાનું કાર્યરત રહી કુલ ૧૦,૦૦,૭૦૩.૬૧૦ મે. ટન શેરડીનું પિલાણ કરેલ જેની સરેરાશ રીકવરી ૧૦.૫૯ ટકા મેળવી ખાંડનું ઉત્પાદન ૧૦,૫૯,૭૩૪.૧૧૦ કિવન્ટલ થયેલ છે, દૈનિક પિલાણનાં દર સ્ટોપેજ બાદ કરતા ૭૨૦૩.૩૯૦ મે. ટન રહ્યો છે.

આપણી સંસ્થા ખાંડના જથ્થા બાબતે જોઈએ તો નાણાંકિય વર્ષ તા. ૧-૪-૨૦૧૧નાં રોજ ઉઘડતો સ્ટોક ૬,૫૫,૨૧૬ ગુણી હતો. જે પૈકી મુકત બજાર માટે વેચાણપાત્ર જથ્થાની સ્ટોકની વેલ્યુ પ્રતિ કવીન્ટલ ₹ ૨,૫૦૦/-

આકારવામાં આવેલ, ખાંડનાં ભાવોની જે વધઘટ અને બજારની રૂખ જોઈ તથા સંસ્થાની નાણાંકીય તરલતા પર કોઈ મોટી અસર ઉભી ન થાય તેમજ સ્ટોકનાં મુલ્યાંકનનાં કારણે જાણે-અજાણે પણ આવનારા વર્ષનાં શેરડી ઉત્પાદકો શેરડીની કિંમતમાં કોઈ મોટી અસર પણ ન ઉભી થાય, આવા તમામ પાસાઓનો વિચાર કરીને ગુજરાતની કાર્યરત સમગ્ર સુગર ફેકટરીનાં સંચાલકો દ્વારા સ્ટોકની કિંમતનું મુલ્યાંકન કરવામાં આવે છે.

અન્ય વિગતો બાબતે જોઈએ તો નાણાંકીય વર્ષ દરમ્યાન ૧૧,૯૫,૨૫૮ કવીન્ટલ ખાંડ મુકત બજારમાં વેચાણ કરેલ છે, અને તેની રાશ ₹ ૨,૭૨૪-૨૪ ઉપજેલ છે, જયારે ૧,૩૭,૦૩૧ કવીન્ટલ લેવીનાં ખાંડનું વેચાણ થયેલ છે જેની રાશ ₹ ૧,૭૪૪.૧૦ મળેલ છે. સીઝન ૨૦૧૧-૧૨ ની મુકત બજારની ખાંડ સ્ટોકની વેલ્યુ ₹ ૨,૮૦૦/- આકારવામાં આવેલ છે. સમગ્ર વર્ષ દરમ્યાન મોલાસીસ રાજ્યમાં, રાજય બહાર અને ડીસ્ટીલરીનાં આંતરિક વપરાશ માટે મળી કુલ ૫૩,૯૬૫.૩૦૦ ટનનું વેચાણ થયેલ છે. જેની રાશ ₹ ૪,૧૨૩.૮૦ છે. તેજ રીતે બગાસ વેચાણ ૩૦,૭૪૮.૫૦૦ ટન થયેલ છે જેની રાશ ₹ ૧,૬૪૨.૨૧ મળેલ છે.

આપને એ વાતથી પણ વાકેફ કરવા માગું છુ કે, આપણાં સમગ્ર ઉદ્યોગનો કાચો માલ શેરડીનાં પુરવઠાને નિયમીત કારખાના સુધી પહોંચતો કરવા માટે પર્યાપ્ત માત્રામાં શેરડી કાપણી કરતા મજુરોની આવશ્યકતા, આપણી ખેડૂત સંગઠન સમિતિ દ્વારા તેમજ ખેતી વિભાગનાં અધિકારીશ્રી દ્વારા ખુબ જ મહેનત કરી પુરવઠાની નિયમિતતા જળવાઈ તે માટેના પ્રયાસોમાં કાર્યદક્ષ રહ્યાં છીએ.

સીઝન : ૨૦૧૨-૨૦૧૩માં આપણાં અથાગ પ્રયાસોથી કંઈક અંશે આપણી સંસ્થાને + ૭૦૦૦ ટન જેટલો પુરવઠો નિયમિત મળી રહે તેવી સ્થિતિ નિર્માણ કરવા પ્રયત્નશીલ છીએ, મજુરોની પણ ઘણી ગેરહાજરી સ્થળ પર રહેતી હોય છે. આવા સંજોગોમાં આપણને પણ મોટી મુંઝવણ ઉભી થતી હોય છે, શેરડી કાપણી મશીન એ પણ સંપૂર્ણ ઉકેલ નથી. કાપણી ખર્ચ પણ વધારે આવતો હોય છે, મજુરોનાં વેતનમાં સુધારો કરવા છતાં પણ આ કાર્ય કરવા માટે હવે મજુરોની પણ આવા કઠીન કામ કરવાની પસંદગી નથી. આપણાં સૌના માટે આ અતિગંભીર પ્રશ્ન આવનારા દિવસો માટે બનશે.

શેરડીનો પ્રતિ ટન ઉત્પાદન આંક વધે તે માટે આપણે હંમેશા જાગૃત રહ્યા છીએ, ઉત્પાદન વધારવા માટે માર્ગદર્શન-શિબિરનું પણ આયોજન કરતા રહ્યા છીએ. કેટલીક વાસ્તવિક સમસ્યા છે તેનાથી પણ આપણે સૌ વાકેફ છીએ. આપણી સંસ્થા સાથે નાના-સિમાંત અને આદિવાસી ખેડૂતો જોડાયેલા છે. નાના એકમો જે ઉકાઈ સિંચાઈ વર્તુળ સાથે જોડાયેલ ખેડૂતો હંમેશા પાણીની તીવ્ર સમસ્યાઓમાંથી પસાર થતાં હોય છે. ડ્રીપ ઈરીગેશનના અભિગમથી ખુબજ સારા પરિણામો મળે છે. પરંતુ આ બાબતે પણ આપણાં સભાસદો આગળ આવવાની તૈયારી દર્શાવતા નથી. શેરડીનું ઉત્પાદન પ્રતિ એકરે વધે તે માટે જમીનની ફળદ્રુપતા વધે તે માટે આપણી સંસ્થા દ્વારા કંપોષ્ટ ખાતર જે બનાવીએ છીએ તેનો મહત્તમ ઉપયોગ કરો એવો આગ્રહ રાખીએ, માત્ર રાસાયણિક ખાતરોથી પણ નોંધપાત્ર વધારો થતો નથી, સંસ્થા દ્વારા સઘન કાર્યક્રમો અપનાવી પાયલોટ પ્રોજેકટ તથા કેન્દ્ર સરકારશ્રીની રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત જે કાર્યક્રમ હાથ ધરેલ અને આ યોજનાને સારી ગતિ મળે તે માટે સૌ સભાસદોના સહિયારા પ્રયાસની અપેક્ષા રાખીએ છીએ, શેરડી વિકાસ ફંડ તરીકે જે કપાત કરવામાં આવે છે, તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવામાં આવે છે, સીઝન ૨૦૧૧-૨૦૧૨ માં ₹ ૬૩,૯૦,૪૫૫ જેટલી રકમ આપણે આ કાર્યક્રમ અંતર્ગત ઉપયોગ કરેલ છે.

જે સભાસદ પરિવાર દ્વારા શેરડીનું સૌથી વધુ ઉત્પાદન મેળવેલ છે તેમને ધન્યવાદ આપું છું.

આપણી સંસ્થાના સભાસદશ્રી રતિલાલ પોપટભાઈ પટેલ, નવુ રોપાણમાં તેમજ શ્રી ધનસુખભાઈ લલ્લુભાઈ પટેલને લામનાં વધુ ઉત્પાદન મેળવવા બદલ સૌ સભાસદ મિત્રો વતી અભિનંદન પાઠવું છું.

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

| અ. નં. | સભાસદનું નામ | ગામ | રોપાણ એ. ગુંઠા. | ઉતાર ટનમાં પ્રતિ એકર | શેરડી ની જાત |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી રતિલાલ પોપટભાઈ પટેલ (નવું રોપાણ) મોજે ગામ : કોલાકુઈ | સ. બૌધાન મોજે કોલાકુઈ | ૩.૦૦ | ૭૯.૬૪૮ | ૮૬૦૩૨ |
| ૨. | શ્રી ધનસુખભાઈ પટેલ (૧–લામ) મોજે ગામ : નૌગામા | સ. બૌધાન મોજે નૌગામા | ૧.૨૦ | ૫૯.૬૦૭ | ૮૬૦૦૨ |

**ઈથેનોલ પ્રોજેક્ટ બાબત :–**

હેવાલનાં વર્ષ દરમ્યાન ૯૫,૩૮,૪૦૦ લીટર આર.એસ.નું ઉત્પાદન કર્યુ છે. જે માટે વર્ષ દરમ્યાન ૩૪,૦૦૮ ટન મોલાસીસનો વપરાશ થયેલ છે. આમ આપણે પ્રતિ ટન મોલાસીસ દ્વારા ૨૮૦.૪૮ લીટર આર. એસ. મેળવી શક્યા છીએ. કેન્દ્ર સરકારે ૫ % ઈથેનોલ પેટ્રોલમાં મીક્ષ કરી વેચાણ અંગે નક્કી કરેલ નિતીને ધ્યાનમાં લઈ ઓઈલ કંપનીઓએ ઈથેનોલનાં ટેન્ડરો મંજુર કરેલ છે. તે મુજબ આપણી સંસ્થાને તા. ૧–૧૦–૨૦૧૧ થી તા. ૩૦–૯–૨૦૧૨ સુધીમાં સપ્લાય આપવાની શરત મુજબ કુલ ૨૩,૯૯,૦૦૦ લીટરની ફાળવણી હતી તે પૈકી ઓઈલ કું. એ તા. ૧૫–૯–૨૦૧૨ સુધીમાં ૨૦,૬૮,૦૦૦ લીટર ઈથેનોલનો ઉપાડ કરેલ છે, ઈથેનોલ પ્રોજેક્ટ માટે અત્યાર સુધીમાં જે ઘસારો કાઢવામાં આવ્યો છે તે ₹ ૯,૨૦,૨૭,૭૧૫ લાખ છે. સીઝન : ૨૦૧૨–૨૦૧૩ માટે ઓઈલ કું. દ્વારા જે ઈથેનોલ કાર્યક્રમ અંતર્ગત ટેન્ડર ભરવાની પ્રક્રિયા ચાલુ છે. આ આડ પેદાશ દ્વારા જે આલ્કોહોલ બનાવવામાં આવે છે તેની સાથે ૧ : ૧૦ નાં પ્રમાણમાં ગંદુ પાણી નીકળતું હોય છે, જે સૌના માટે મોટી ચિંતાનો સવાલ હોય છે, આ જથ્થાને નિયંત્રીત કરી શકાય તે માટેનાં પગલા લઈ ડીસ્ટીલરી યુનિટમાં સ્પેન્ટવોશ ઘટાડવાનું આયોજન આ ઓફ સીઝનમાં કરેલ છે. જેથી કંપોષ્ટ ખાતરની ગુણવત્તા હજુ વધારે સારી કરી શકીએ.

**ખાંડ ઉદ્યોગને વધુ અર્થક્ષમ બનાવવાની અત્યંત જરૂરીયાત :–**

ભારતમાં આ ઉદ્યોગ સેંકડો વર્ષોથી ચાલે છે, જે ગોળ, ખાંડસરીનાં રૂપમાં હતો, ત્યારબાદ ખાંડનાં રૂપમાં પ્રસ્થાપિત થઈ સમગ્ર દેશનાં શેરડી ઉત્પાદકો માટે આર્થિક ક્રાંતિનાં મંડાણ થયા, આ ઘટનાનાં આપણે પણ સૌ સાક્ષીઓ છીએ. દક્ષિણ ગુજરાતને લાગે વળગે ત્યાં સુધી બરોડા થી વાપી સુધી આ ઉદ્યોગ સાથે સંકળાયેલા ખેડૂત પરિવારોએ આર્થિક ક્રાંતિની મજલ જોઈ છે. મહદઅંશે તમામ પાકોમાં શેરડીએ સ્થાન લીધું છે. ઉદ્યોગનાં ભૂતપૂર્વ સંચાલકોની દુરંદેશી અને સાહસિકતાના કારણે આજે આપણે સારા પરિણામો મેળવી રહ્યાં છીએ. હવે જયારે સમય સતત પરિવર્તીત થઈ રહ્યો છે ત્યારે ચીલા ચાલુ પદ્ધતિથી આજ સ્થિતિમાં કારખાનાને ચલાવતા રહેવું એ અત્યંત કઠીન થતું જાય છે. સહકારી ક્ષેત્રોમાં આ ઉદ્યોગ હોવા છતાં કેટલાક કારણોસર આ ઉદ્યોગને આપણે આધુનિકરણ તરફ લઈ જઈ શકયાં નથી. આજે અત્યંત ઝડપથી ઉદ્યોગમાં પણ ઉત્તમ પરિણામો માટે સંશોધનો થયા છે. તેના સારા પરિણામો પણ મળતા હોય છે. આપણે છેલ્લાં કેટલાક સમયથી એવા માહોલ વચ્ચેથી પસાર થઈ રહ્યાં છીએ, જેના કારણે કોઈ નવું સાહસ કરી શકીએ એવી સ્થિતિમાં નથી. આજે જયારે શેરડી ટન પ્રતિ ૩૮ ટકા સ્ટીમ વપરાશ સામે મહત્તમ બગાસ બચત કરે તેવી સ્થિતિ ખાંડ ઉદ્યોગમાં બની છે. આ બાબતે સ્ટીમનાં વપરાશમાં ઘટાડો કરવા બાબતે આપણી સંસ્થા દ્વારા આ ઓફ સીઝનમાં કામગીરી કરવામાં આવી છે, જેના પરિણામો આપણે આ સીઝનમાં મેળવી શકીશું. આ કારખાનામાં ઓટોમેશનનો સ્વીકાર કરવામાં આવે તો માનવબળને કાબુમાં રાખી અત્યંત ઓછા કામદાર–કર્મચારી દ્વારા કારખાનાને ચલાવી શકાય, રીફાઈનરી પ્રસ્થાપિત કરી ઉત્તમ સલ્ફરવિહિન ખાંડ બનાવી પરદેશમાં નિકાશને પાત્ર થાય તેવી ગુણવત્તાવાળી ખાંડ પણ બનાવી શકાય, સાથે આપણે સૌએ જેના પરિણામો મેળવ્યા છે તે ડીસ્ટીલરી પ્રોજેક્ટ જે આડ પેદાશ ઉદ્યોગ તરીકે પ્રસ્થાપિત કરેલ છે. આપણી અપેક્ષા મુજબના પરિણામો માટે વખતોવખત ટેકનોલોજી સાથે રહેવાનો પ્રયાસ કરતાં રહ્યાં છીએ.

કારખાનામાં ઉત્તમ ઉંચા પરિણામો મળે તે માટે હજુ ઘણાં કામો જે સંશોધનનાં આધારે પ્રસ્થાપિત થયા તેનો પણ અમલ કરી શકાય.

આજે જયારે ખેડૂતો પણ જુદી જુદી સમસ્યા વચ્ચેથી પસાર થઈ રહ્યો છે, તેવા સમયે ખેતીને વધુ સમૃદ્ધ કરવા વગર છુટકો નથી. તે માટે આપણાં કારખાનાને પણ કાર્યક્ષમ બનાવી હજુ પણ સારા પરિણામો મેળવા જઈ રહ્યાં છીએ. દિન–પ્રતિદિન જે અપેક્ષા વધતી જાય તે સ્વાભાવિક છે, પરંતુ આને પહોંચી વળવા માટે સતત ગતીશીલ રહેવું પણ અત્યંત જરૂરી છે. આપ સૌના સાથ સહકારથી આપણી સંસ્થાનો વહીવટ હમારી જે કંઈ પણ શકિત છે, તેને પુરા પ્રમાણિકપણે કામે લગાડી હું અને મારા સાથી સદ્સ્યો કાર્ય કરી રહ્યાં છીએ. સહકારી ક્ષેત્રોમાં કોઈ કાર્યપદ્ધતિનો વિરોધ હોઈ શકે પરંતુ કોઈપણ ઉત્તમ લક્ષ્ય હાંસલ કરવા સૌ ખુલ્લા મને વિચારી સૌ હંમેશા સાથે કામ કરતાં રહીએ એવી પણ અપેક્ષા રાખું છું. મેં જે સારા પરિણામો મેળવવા માટે સુચનો કરેલ છે, તે બાબતે આપણે ચિંતીત બની ચિંતન કરીએ એજ સમયની માંગ છે. ખાનગી ક્ષેત્રોમાં જે ખાંડનાં કારખાનાઓ પ્રગતિ કરી રહ્યાં છે, તેની સમકક્ષ રહેવા માટે સજજ થવું પડશે.

**આભાર દર્શન :–**

આપ સૌ સભાસદો દ્વારા મને જે સહકાર મળતો રહ્યો તે માટે આપ સૌનો આભાર માનું છું. કામદાર–કર્મચારીઓનો પણ ખૂબજ સુંદર સહકાર મળેલ છે, તેમનો પણ આભાર માની કદર કરૂં છું.

સારાયે વર્ષ દરમ્યાન સહકારી ખાતાના મંત્રીશ્રી અને નાણાં વિભાગના મંત્રીશ્રી તેમજ અધિકારી સાહેબો તેમજ ખાંડ નિયામકશ્રી અને રજિસ્ટ્રારશ્રી (સુગર) સુરત પણ વખતોવખત સહાયરૂપ થયા તે બદલ આભાર માનું છું. આપણા કપરા સંજોગોમાં ધી સુરત ડીસ્ટ્રીકટ કો–ઓ. બેંક લિ; એ પણ આપણી સંસ્થાના વિકાસમાં તેમની મર્યાદામાં રહી હરહંમેશ ત્વરીત અને સહકારી ભાવનાને અનુરૂપ થવા તત્પરતા દાખવી છે, તે બદલ એમનાં ઉપ–પ્રમુખશ્રી, ડીરેકટરશ્રીઓ, મેનેજીંગ ડીરેકટરશ્રી, મેનેજરશ્રી અને સ્ટાફનો પણ હાર્દિક આભાર માનું છું.

આ ઉપરાંત સંસ્થાના સ્પે. ઓડીટરશ્રી અને તેમનાં સ્ટાફ, ખેતી તથા સિંચાઈ ખાતા તેમજ જંગલ ખાતાનાં અધિકારીઓ, કલેકટરશ્રી, પ્રાંત ઓફિસરશ્રી, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મામલતદારશ્રી, તાલુકા પંચાયતનાં વડાઓ, પોલીસ અધિકારીશ્રી, સુરાલી ગ્રામ પંચાયતનાં સરપંચશ્રી, તેમજ સદ્સ્યોશ્રી, નશાબંધી ખાતાના સ્થાનિક અધિકારીશ્રી, સેન્ટ્રલ એકસાઈઝ ખાતાના અધિકારીશ્રી તથા અન્ય અધિકારીવર્ગ તરફથી વખતો વખત જે સાથ સહકાર મળતો રહ્યો છે તે બદલ તેમનો હું આભારી છું. જિલ્લા સહકારી બેંકો અને રાષ્ટ્રીયકૃત બેંકો, થાપણદારો વિગેરેએ સમયસર પુરતી નાણાંકિય સહાય અને થાપણ મૂકવા બદલ આભારની લાગણી વ્યકત કરૂં છું.

તેમજ આપણી સંસ્થાના ઉપ–પ્રમુખશ્રી સુરેશભાઈ પટેલ તથા સાથી ડિરેકટર મિત્રોશ્રીએ અવારનવાર કારખાનાની મુલાકાત લઈ ઊંડો રસ દાખવી સંઘ ભાવનાનું ઉમદા દ્રષ્ટાંત પુરૂં પાડયું છે અને ઉત્કૃષ્ટ સંઘભાવના (ટીમ સ્પીરીટ) નાં દર્શન કરાવ્યા છે, તે બદલ તેમનો પણ હું આભાર માનું છું.

સંસ્થાનાં મેનેજીંગ ડીરેકટરશ્રી તરીકેનો કાર્યભાર સંભાળનાર શ્રી એમ. એલ. રાઠોડ તથા ખાતાનાં અન્ય વડાઓ, સુપરવાઈઝરો, સ્ટાફનાં સભ્યો, અન્ય નાના–મોટા કર્મચારી–કામદારભાઈઓ કે જેમની જહેમત અને નિષ્ઠા વિના સંસ્થાની દરેક ક્ષેત્રની કામગીરી શકય ન બને, તે સૌને હું ધન્યવાદ આપું છું. નવસારી કૃષિ યુનિવર્સીટીનાં તજજ્ઞોએ જરૂર પડે ખેડૂતોને શેરડીની ખેતી અને રોગનાં પ્રતિકાર માટેનાં ઈલાજ સુચવી સલાહ અને માર્ગદર્શન આપ્યું છે તે બદલ તેમનો પણ આભાર માનું છું.

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

સીઝન : ૨૦૧૧-૨૦૧૨ દરમ્યાન સીઝનનાં અંત સુધી કાર્યક્ષમતા મુજબનો પુરવઠો ઉપલબ્ધ થઈ શકે તે માટે સતત મોનીટરીંગ કરી સફળતાની સ્થિતિ ઉપલબ્ધ કરી તે માટે સી.પી.એમ. શ્રી હેમાંશુભાઈ જે. શાહ અને સી. ડી. એમ. શ્રી પ્રવિણભાઈ મિસ્ત્રી અને એમનાં તમામ ખેતી વિભાગનાં સ્ટાફની કામગીરીની સરાહના કરૂં છું સાથે સાથે ગુજરાત રાજય ખાંડ ઉદ્યોગ સંઘના ઈ.ચા. મેનેજીંગ ડાયરેકટરશ્રી એ સમય સુચકમાર્ગદર્શન અને મદદ કરી છે તેમનો આભાર માનું છું.

અન્ય સહકારી સંસ્થાઓ, ખેડૂત સમાજ અને દક્ષિણ ગુજરાતની ખાંડ મંડળીઓએ જરૂર પડયે જે સાથ સહકાર આપ્યો છે તે બદલ તેમનો પણ આભાર માનું છું.

શ્રી મઢી વિભાગ ખેડૂત સંગઠન, મઢી દ્વારા શેરડી વાહતુકમાં રોકાયેલ ટ્રક અને ટ્રેકટર માલિકભાઈઓએ પણ તેમનાં કાર્યમાં ખૂબ કાળજી રાખી પિલાણ કાર્યમાં સહભાગી થયા છે તેમનો પણ હું આભાર માનું છું.

સુગર ફેકટરીનાં પ્રમુખ તરીકેના મારા કાર્યભારનાં સમય દરમ્યાન શકિત પ્રમાણે વ્યવસ્થાપક કમિટીનાં સભ્યોનાં સહયોગથી સેવા કરવાની આપ સૌએ જે ઉમદા તક આપી છે, તે માટે આપ સૌનો અત્યંત આભારી છું. મારા સાથી સદસ્યોનો પણ આભાર માનું છું. આ સંસ્થાના તમામ શુભેચ્છકોનો આભાર માનું છું. તમામને આવનારા ૨૦૧૩ ના વર્ષની હાર્દિક શુભકામના.

જય જવાન      જય કિશાન      જય સહકાર

લિ.
આપનો સહકારી
દિલીપભાઈ ભીખાભાઈ ભકત
પ્રમુખ.



# =:: ઓડિટ રીપોર્ટ ::=

અમો અત્રેની સંસ્થાના સ્પે. ઓડિટરશ્રીએ શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી. નાં તા. ૩૧-૦૩-૨૦૧૨ના રોજ પૂરા થતાં નાણાંકિય વર્ષના વાર્ષિક હિસાબો નું સહકારી કાયદાની જોગવાઈ અનુસાર સતત અને સમવાયી ધોરણે કરવાનું થતું વૈધાનિક ઓડિટ સંસ્થાના હોદ્દેદારો, અધિકારીઓ તેમજ કર્મચારીઓ દ્વારા પુરી પાડેલ સદર ઓડિટ સંબંધે જરૂરી તમામ પ્રકારની માહિતીને આધિન પૂર્ણ કરી, આથી રીપોર્ટ કરીએ છીએ કે....

(અ) અમારા મતાનુસાર આ ઓડિટ સંબંધી અમને પૂરી પાડવામાં આવેલ હિસાબી તથા વહીવટી માહિતી તેમજ જરૂરી ખુલાસાઓ સંતોષકારક જણાયેલ છે.

(બ) સંસ્થાના તા. ૩૧-૩-૨૦૧૨ નાં રોજ પૂરા થતાં નાણાંકિય વર્ષના વાર્ષિક હિસાબો અમારી દ્રષ્ટિએ વાર્ષિક ઓડિટ અહેવાલને આધિન સંસ્થાની સાચી અને વાસ્તવિક પરિસ્થિતિ રજૂ કરે છે. તેમજ તા. ૩૧-૩-૨૦૧૨ નાં રોજ પૂરા થતાં વર્ષનો સાચો અને ખરો નફો દર્શાવે છે.

(ક) સંસ્થાએ ઓડિટ સંબંધી રાખેલ હિસાબી તેમજ વહીવટી દફતર સહકારી કાયદાની જરૂરિયાત અનુસાર યોગ્ય જણાયેલ છે.

મઢી.

તારીખ : ૧૬-૧૦-૨૦૧૨

જે. એસ. ડામોર
સ્પેશ્યલ ઓડીટર સ. મં. (સુગર) વર્ગ-૧
મઢી.

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ

## તા. ૩૧મી માર્ચ ૨૦૧૨ ના રોજ પુરા થતાં

| ગયા વર્ષના આંકડા | વિગત | રૂપિયા |
|---|---|---|
| ૨,૬૨,૪૯,૦૦,૬૧૭ | શેરડીનાં ચુકવ્યાં :-<br>**મે. ટન. ૧૨,૫૭,૧૯૨.૫૨૦** | ૩,૪૨,૯૭,૧૬,૩૬૪ |
| ૫,૨૬,૭૫,૬૬૮ | શેરડી ખરીદ વેરો :- | ૬,૮૭,૭૯,૬૩૩ |
| ૩૪,૧૬,૯૩,૧૫૭ | ઉત્પાદન ખર્ચ :- **પરિશિષ્ટ નં : ૧ મુજબ બળતણ, કેમીકલ, પેકીંગ, મજુરી, પગાર, મશીનરી રીપેર્સ-વિગેરે.** | ૪૦,૦૧,૨૦,૭૭૭ |
| ૧૫,૯૮,૫૩,૪૧૪ | વહીવટી ખર્ચ :- **પરિશિષ્ટ નં. ૨ મુજબ** | ૧૬,૨૮,૫૩,૦૯૦ |
| ૫,૦૦,૦૦,૦૦૦ | ઘસારા ખર્ચ :- | ૫,૦૦,૦૦,૦૦૦ |
| ૫૩,૯૩,૧૯૦ | ચોખ્ખો નફો :- | ૧૪,૯૫,૨૭૨ |
| **૩,૨૩,૪૫,૧૬,૦૪૬** | **કુલ સરવાળો** | **૪,૧૧,૨૯,૬૫,૧૩૬** |

**નોંધ :- પૈસાનો લોપ કરી પુરા આંકડા બતાવેલ છે. ગત વર્ષના આંકડાની જરૂર પડે ફરી ગોઠવણ કરેલ છે.**

**અમારા ઓડીટમેમોનાં શેરાને આધિન રહીને તપાસ્યું અને બરાબર છે.**

**જે. એસ. ડામોર**
**સ્પેશ્યલ ઓડીટર સ. મં. (સુગર)**
**મઢી.**

**એન. ટી. શાહ**
**ડે. ચીફ એકાઉન્ટન્ટ**

**સ્થળ :- મઢી.**
**તા. ૧૬-૧૦-૨૦૧૨**

# સહકારી મંડળી લિ; મઢી.

## વર્ષનું ઉત્પાદન–વેપાર તથા નફા–નુકશાન ખાતું (સુગર યુનિટ)

| ગયા વર્ષના આંકડા | વિગત | રૂપિયા |
|---|---|---|
| ૨,૯૩,૮૯,૬૮,૪૬૩ | ખાંડ વેચાણ :- **પરિશિષ્ટ નં. – ૩ મુજબ** | ૩,૬૪,૨૨,૪૩,૧૧૪ |
| ૧૫,૯૨,૫૦,૨૩૪ | મોલાસીસ વેચાણ :- **પરિશિષ્ટ નં. – ૪ મુજબ** | ૨૭,૦૪,૮૩,૮૯૫ |
| ૪,૩૬,૮૦૧ | પ્રેસમડ વેચાણ :- | ૪,૯૧,૮૭૪ |
| ૩,૬૮,૫૨,૦૦૮ | બગાસ વેચાણ :- **પરિશિષ્ટ નં. ૫ મુજબ** | ૪,૬૩,૬૭,૯૪૩ |
| ૨,૮૫,૧૩,૪૬૧ | વ્યાજ આવક :- **ડીવીડન્ડ તથા ધીરાણ ઉપરનું વ્યાજ, ગ્રાહકો પાસેનું વ્યાજ અને કોલ ડીપોઝીટ ઉપરનું વ્યાજ** | ૧,૩૪,૭૪,૦૩૭ |
| ૫,૪૮,૫૬,૫૨૮ | ડીસ્ટીલરી કમ ઈથેનોલ વિભાગનો નફો :- | ૧૨,૧૬,૯૯,૯૬૩ |
| -- | વાહન વેચાણ નફો | -- |
| ૧,૫૬,૩૮,૫૫૧ | અન્ય આવક :- **પરિશિષ્ટ નં. ૬ મુજબ** | ૧,૮૨,૦૪,૩૧૦ |
| **૩,૨૩,૪૫,૧૬,૦૪૬** | **કુલ સરવાળો** | **૪,૧૧,૨૯,૬૫,૧૩૬** |

**એમ. એલ. રાઠોડ**
**મેનેજીંગ ડાયરેક્ટર**

**સુરેશભાઈ જે. પટેલ**
**ઉપ–પ્રમુખ**

**દીલીપભાઈ બી. ભકત**
**પ્રમુખ**

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ

## તા. ૩૧મી માર્ચ ૨૦૧૨ ના

| ગયા વર્ષના આંકડા | પુંજી તથા દેવું | | રૂપિયા |
|---|---|---|---|
| ૧૦,૦૦,૦૦,૦૦૦ | સત્તાવાર શેર કેપીટલ<br>**રૂા. ૨,૦૦૦ ના એક એવા ૫૦,૦૦૦ શેર** | | ૧૦,૦૦,૦૦,૦૦૦ |
| ૧૦,૦૦,૦૦,૦૦૦ | ભરપાઈ થવા કાઢેલ શેર કેપીટલ<br>**રૂા. ૨,૦૦૦ ના એક એવા ૫૦,૦૦૦ શેર** | | ૧૦,૦૦,૦૦,૦૦૦ |
| ૭,૮૦,૦૫,૩૧૭ | ભરપાઈ થયેલ શેર કેપીટલ | | ૭,૮૨,૨૪,૭૮૩ |
| | **શેર સંખ્યા** | **૪૧૪૦૩** | |
| | **સભાસદ સંખ્યા** | **૧૭૭૮૫** | |
| | **ચાલુ વર્ષનો વધારો** | **૮૯** | |
| | **કુલ સભાસદ સંખ્યા** | **૧૭૮૭૪** | |
| ૬૭,૯૩,૨૬,૨૮૦ | રિઝર્વફંડ તથા ઘસારા ફંડો તથા અન્ય ફંડો :-<br>**પરિશિષ્ટ નં. ૭ મુજબ** | | ૭૨,૯૩,૫૨,૪૮૯ |
| ૬૧,૧૦,૬૧,૮૯૫ | સભાસદ થાપણો :- **પરિશિષ્ટ નં. ૮ મુજબ** | | ૫૧,૩૩,૩૬,૫૯૫ |
| ૪૨,૯૧,૨૬,૨૮૨ | બેંક ઓવર ડ્રાફટ તથા લોન :-<br>ધી સુરત ડિ. કો. ઓ. બેંક લી; મઢી શાખા | | ૨૭,૯૧,૪૪,૩૮૩ |
| | **ખાંડ માલ તારણ સામે** | **૧૦,૨૮,૬૯,૭૦૦** | |
| | **ગોડાઉન લોન** | **૧,૧૯,૪૦,૪૧૮** | |
| | **હાર્વેસ્ટીંગ મશીન લોન** | **૧,૪૨,૮૮,૦૮૯** | |
| | **કોલ ડીપોઝીટ લોન** | **૪,૬૬,૨૪,૭૮૬** | |
| | **ટર્મ લોન** | **૨,૪૪,૩૦,૮૭૯** | |
| | **ક્રોપ લોન :-** | | |
| | **ડ્રીપ ઈરીગેશન લોન** | **૫૩,૦૪,૮૫૬** | |
| | **અન્ય ખેડૂત સી. ૧૧-૧૨** | **૩,૧૬,૩૬,૧૧૧** | |
| | **અન્ય ખેડૂત સી. ૧૨-૧૩** | **૪,૨૦,૪૯,૫૪૪** | |
| ૧,૭૩,૮૫,૬૯,૪૩૪ | **શેરડી અંગેના દેવા (સભાસદો) :-** | | ૧,૯૬,૧૭,૭૪,૬૭૭ |
| ૨૬,૭૪,૬૭,૮૮૧ | **ખર્ચ તથા માલ ખરીદી અંગેના દેવા :-** | | ૨૯,૨૮,૯૩,૯૮૮ |
| ૨૩,૯૬,૪૦,૭૦૦ | **સભાસદ શેરડી હિસાબનાં જમા :-** | | ૨૧,૭૭,૧૮,૮૦૦ |
| ૪,૦૪,૩૧,૯૭,૭૮૯ | **કુલ સરવાળો** | | ૪,૦૭,૨૪,૪૫,૭૧૫ |

**નોંધ :-** પૈસાનો લોપ કરી પુરા આંકડા બતાવેલ છે. ગત વર્ષના આંકડાની જરૂર પડે ફરી ગોઠવણ કરેલ છે.

અમારા ઓડીટમેમોનાં શેરાને આધિન રહીને તપાસ્યું અને બરાબર છે.

જે. એસ. ડામોર
સ્પેશ્યલ ઓડીટર સ. મં. (સુગર)
મઢી.

સ્થળ :- મઢી.
તા. ૧૬-૧૦-૨૦૧૨

એન. ટી. શાહ
ડે. ચીફ એકાઉન્ટન્ટ

## સહકારી મંડળી લિ; મઢી.

### રોજનું સરવૈયું (સુગર યુનિટ)

| ગયા વર્ષના આંકડા | મિલ્કત તથા લેણું | | રૂપિયા |
|---|---|---|---|
| ૧,૨૨,૧૬,૯૮,૪૧૧ | સ્થાયી મિલ્કત (મુળ કિંમતે) :-<br>**પરિશિષ્ટ નં. -૯ મુજબ** | | ૧,૨૮,૫૫,૮૫,૫૨૬ |
| ૩,૪૩,૭૦,૦૭૭ | ઈન્વેસ્ટમેન્ટ (ખરીદ કિંમતે) :-<br>**પરિશિષ્ટ નં. -૧૦ મુજબ** | | ૩,૪૪,૨૬,૦૭૭ |
| ૧,૯૮,૧૩,૬૬,૪૧૦ | ચલણી મિલ્કત :-<br>**પરિશિષ્ટ નં. -૧૧ મુજબ** | | ૨,૧૭,૮૬,૨૩,૪૩૮ |
| ૪૭,૭૦,૨૧,૭૪૫ | લોન તથા એડવાન્સીસ<br>**સભાસદોને ખાતર** | | ૨૬,૧૯,૧૬,૮૯૨ |
| | **ધિરાણ :** | ૬,૯૫,૪૧,૭૬૦ | |
| | **ખર્ચ અંગેના બાકી લેણા તથા એડવાન્સ** | ૧૯,૨૩,૭૫,૧૩૨ | |
| ૫,૬૫,૯૪,૫૪૪ | ડીપોઝીટ :-<br>**ધી સુરત ડી. કો. ઓ. બેંક લિ; તથા અન્ય** | | ૭,૧૫,૪૨,૫૪૪ |
| ૧૫,૭૩,૧૭,૩૬૨ | શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી. **(ડિસ્ટીલરી કમ ઈથેનોલ યુનિટ) :-** | | ૧૬,૦૮,૨૮,૧૬૧ |
| ૧૦,૦૫,૫૮,૬૬૦ | રોકડ તથા બેંક પુરાંત :- | | ૬,૬૭,૪૭,૭૬૯ |
| | **બેંકના કરંટ ખાતાઓ** | ૪,૫૪,૬૬,૫૨૫ | |
| | **રોકડ સિલક હાથ પર** | ૨,૧૨,૮૧,૨૪૪ | |
| ૧,૪૨,૭૦,૫૮૦ | નફા-નુકશાન ખાતુ :- | | ૧,૨૭,૭૫,૩૦૮ |
| | **પાછલી ખોટ** | ૧,૪૨,૭૦,૫૮૦ | |
| | **બાદ : ચાલુ વર્ષનો નફો** | ૧૪,૯૫,૨૭૨ | |
| ૪,૦૪,૩૧,૯૭,૭૮૯ | **કુલ સરવાળો** | | ૪,૦૭,૨૪,૪૫,૭૧૫ |

**એમ. એલ. રાઠોડ**
**મેનેજીંગ ડાયરેક્ટર**

**સુરેશભાઈ જે. પટેલ**
**ઉપ-પ્રમુખ**

**દીલીપભાઈ બી. ભકત**
**પ્રમુખ**

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## પરિશિષ્ટ - ૧

(સુગર યુનિટ)

| ઉત્પાદન ખર્ચ | તા. ૩૧-૦૩-૨૦૧૧ | તા. ૩૧-૦૩-૨૦૧૨ |
|---|---|---|
| સરપણ બળતણ ખર્ચ | ૨૪,૯૦,૮૨૫ | ૧૯,૦૬,૦૨૭ |
| લુબ્રીકન્ટસ ખર્ચ | ૬૨,૪૮,૬૦૬ | ૯૦,૧૮,૭૭૪ |
| કેમીકલ ખર્ચ | ૩,૧૧,૧૬,૯૧૭ | ૪,૭૮,૧૫,૦૭૧ |
| પેકીંગ ખર્ચ | ૫,૩૮,૯૪,૮૨૫ | ૬,૬૨,૪૨,૫૬૬ |
| ઈલેક્ટ્રીક ખર્ચ | ૧,૧૭,૦૪,૪૬૫ | ૧,૨૭,૮૫,૦૮૯ |
| રીપેર્સ એન્ડ મેઈન્ટેનન્સ પ્લાન્ટ મશીનરી ખર્ચ | ૭,૩૦,૪૮,૯૦૮ | ૮,૩૫,૩૭,૧૦૩ |
| પગાર તથા મજુરી ખર્ચ | ૧૬,૩૧,૮૮,૬૧૧ | ૧૭,૮૮,૧૬,૧૪૭ |
| કુલ સરવાળો | ૩૪,૧૬,૯૩,૧૫૭ | ૪૦,૦૧,૨૦,૭૭૭ |

## પરિશિષ્ટ - ૨

| વહીવટી ખર્ચ | તા. ૩૧-૦૩-૨૦૧૧ | તા. ૩૧-૦૩-૨૦૧૨ |
|---|---|---|
| પગાર ખર્ચ | ૩,૭૬,૫૩,૬૨૨ | ૪,૦૩,૮૮,૧૨૪ |
| રેઈટસ એન્ડ ટેક્ષીસ | ૨૪,૯૫,૧૩૦ | ૨૮,૭૧,૪૦૭ |
| વોટર શેષ | ૯,૩૯,૨૦૬ | ૧૮,૧૨,૯૩૯ |
| વિમા ખર્ચ | ૩૯,૫૯,૩૦૬ | ૫૭,૭૭,૫૯૪ |
| વ્યાજ ખર્ચ | ૯,૫૭,૭૩,૪૨૫ | ૮,૯૦,૪૬,૨૨૨ |
| તાર-ટપાલ ટેલીફોન ખર્ચ | ૩,૨૨,૪૩૨ | ૩,૨૮,૧૭૯ |
| પ્રિન્ટીંગ એન્ડ સ્ટેશનરી ખર્ચ | ૯,૮૦,૨૧૮ | ૧૩,૦૮,૬૦૪ |
| મુસાફરી ખર્ચ | ૫,૭૭,૩૯૦ | ૪,૫૧,૬૦૮ |
| પ્રોફેશનલ ટેક્ષ | ૪,૮૦૦ | ૨,૪૦૦ |
| ઓડિટ ફી | ૯,૬૫,૯૯૧ | ૧૩,૭૯,૨૧૩ |
| વાહન ખર્ચ | ૨૪,૭૧,૩૩૫ | ૩૫,૧૨,૨૭૬ |
| જનરલ મીટીંગ ખર્ચ | ૩,૧૩,૭૮૮ | ૪,૩૯,૭૫૭ |
| બાંધકામ ફર્નીચર ખર્ચ | ૩૫,૪૧,૫૯૦ | ૪૩,૮૧,૫૪૪ |
| બાગ બગીચા ખર્ચ | ૧,૩૧,૮૨૮ | ૧,૩૪,૬૭૫ |
| ઔષધ ખર્ચ | ૧૬,૭૧,૭૯૪ | ૨૪,૫૧,૭૯૮ |
| ચુંટણી ખર્ચ ખાતુ | ૧૩,૩૯,૮૮૬ | ૫,૮૮,૭૫૧ |
| અન્ય ખર્ચ પરિશિષ્ટ ૧૨ મુજબ | ૬૭,૧૧,૬૭૩ | ૭૯,૭૮,૦૨૯ |
| કુલ સરવાળો | ૧૫,૯૮,૫૩,૪૧૪ | ૧૬,૨૮,૫૩,૦૯૦ |

## પરિશિષ્ટ - ૩

(સુગર યુનિટ)

| ખાંડ વેચાણ | રૂપિયા |
|---|---|
| ખાંડ વેચાણ | ૩,૬૦,૫૩,૩૯,૭૪૫ |
| બાદ : એકસાઈઝ ડયુટી | ૭,૯૪,૧૫,૯૫૨ |
| | ૩,૫૨,૫૯,૨૩,૭૯૩ |
| બાદ : શિક્ષણ શેષ | ૨૩,૮૨,૪૭૯ |
| | ૩,૫૨,૩૫,૪૧,૩૧૪ |
| બાદ : સુગર શેષ | ૨૮૩,૭૩,૪૦૦ |
| | ૩,૪૯,૫૧,૬૭,૯૧૪ |
| ઉમેરો : લેવી ખાંડ ભાવ તફાવત અનામત | ૯,૧૮,૫૯૦ |
| | ૩,૪૯,૬૦,૮૬,૫૦૪ |
| બાદ : ફોરવર્ડીંગ ખર્ચ | ૪૫,૯૮,૯૫૩ |
| | ૩,૪૯,૧૪,૮૭,૫૫૧ |
| બાદ : ખાંડ કમીશન ખર્ચ | ૨૯,૪૮,૩૨૩ |
| | ૩,૪૮,૮૫,૩૯,૨૨૮ |
| ઉમેરો : તા. ૩૧-૦૩-૨૦૧૨ નો છેવટનો સ્ટોક | ૨,૦૧,૪૦,૨૯,૧૫૨ |
| | ૫,૫૦,૨૫,૬૮,૩૮૦ |
| બાદ : તા. ૦૧-૦૪-૨૦૧૧ નો શરૂઆતનો સ્ટોક | ૧,૮૬,૦૩,૨૫,૨૬૬ |
| કુલ સરવાળો | ૩,૬૪,૨૨,૪૩,૧૧૪ |

## પરિશિષ્ટ - ૪

| મોલાસીસ વેચાણ | રૂપિયા |
|---|---|
| મોલાસીસ વેચાણ | ૨૨,૨૫,૪૨,૨૪૫ |
| ઉમેરો : તા. ૩૧-૦૩-૨૦૧૨ નો છેવટનો સ્ટોક | ૭,૪૦,૦૮,૭૭૦ |
| | ૨૯,૬૫,૫૧,૦૧૫ |
| બાદ : તા. ૦૧-૦૪-૨૦૧૧ નો શરૂઆતનો સ્ટોક | ૨,૬૦,૬૭,૧૨૦ |
| કુલ સરવાળો | ૨૭,૦૪,૮૩,૮૯૫ |

## પરિશિષ્ટ - ૫

| બગાસ વેચાણ | રૂપિયા |
|---|---|
| બગાસ વેચાણ | ૫,૦૪,૯૫,૫૨૭ |
| ઉમેરો : તા. ૩૧-૦૩-૨૦૧૨ નો છેવટનો સ્ટોક | ૪૦,૦૦,૦૦૦ |
| | ૫,૪૪,૯૫,૫૨૭ |
| બાદ : તા. ૦૧-૦૪-૨૦૧૧ નો શરૂઆતનો સ્ટોક | ૫૦,૦૦,૦૦૦ |
| | ૪,૯૪,૯૫,૫૨૭ |
| બાદ : બગાસ બેગીંગ ખર્ચ | ૩૧,૨૭,૫૮૪ |
| કુલ સરવાળો | ૪,૬૩,૬૭,૯૪૩ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## પરિશિષ્ટ - ૬

(સુગર યુનિટ)

| અન્ય આવક | રૂપિયા |
|---|---|
| પરચુરણ આવક | ૧,૯૪,૫૯૦ |
| મકાન ભાડા | ૩૮,૪૦૦ |
| ખાતા ઉતારા ફી | ૧૯,૭૦૦ |
| વિમા કલેઈમ | ૯,૦૦,૦૦૦ |
| સેન્ટ્રલ એકસાઈઝ સેનવેટ સ્કીમ | ૮૦,૧૩,૩૪૦ |
| કંપોષ્ટ ખાતર વેચાણ | ૪૮,૩૯,૭૭૭ |
| ભાડા આવક | ૯૦,૫૦૦ |
| ટ્રક તોલાઈ | ૧,૫૫,૮૨૦ |
| સ્ટોર આવક | ૧૦,૨૩,૪૧૪ |
| ફેકટરી ફાર્મ આવક ખર્ચ (સી. ૨૦૧૦-૧૧) | ૩,૫૦,૨૦૫ |
| ડીઝલ ઓઈલ પંપ આવક | ૧૯,૫૦,૨૭૩ |
| વેટ રીફંડ | ૬,૨૮,૨૯૧ |
| કુલ સરવાળો | ૧,૮૨,૦૪,૩૧૦ |

## પરિશિષ્ટ - ૭

| રિઝર્વ ફંડ તથા અન્ય ફંડો | તા. ૩૧-૩-૨૦૧૧નાં રોજ કુલ કિંમત | વર્ષ દરમ્યાન વધારો | વર્ષ દરમ્યાન ઘટાડો | તા. ૩૧-૩-૨૦૧૨નાં રોજ કુલ કિંમત |
|---|---|---|---|---|
| રિઝર્વ ફંડ | ૧,૪૪,૬૧,૨૪૬ | ૨૬,૨૦૯ | -- | ૧,૪૪,૮૭,૪૫૫ |
| ઘસારા ફંડ | ૬૬,૦૯,૦૬,૦૨૭ | ૫,૦૦,૦૦,૦૦૦ | -- | ૭૧,૦૯,૦૬,૦૨૭ |
| મોલાસીસ ટેન્ક રિઝર્વ | ૨૪,૪૩,૪૧૪ | -- | -- | ૨૪,૪૩,૪૧૪ |
| કન્ટીજન્સી અનામત | ૧૪,૭૭,૨૫૫ | -- | -- | ૧૪,૭૭,૨૫૫ |
| શકમંદ લેણાં ફંડ | ૩૮,૩૩૮ | -- | -- | ૩૮,૩૩૮ |
| કુલ સરવાળો | ૬૭,૯૩,૨૬,૨૮૦ | ૫,૦૦,૨૬,૨૦૯ | -- | ૭૨,૯૩,૫૨,૪૮૯ |

## પરિશિષ્ટ - ૮

| સભાસદ થાપણ (તારણ વિનાની) | રૂપિયા |
|---|---|
| સભાસદ થાપણ | ૩૯,૪૪,૬૬,૦૦૦ |
| સભાસદ વિકાસ થાપણ | ૧૧,૪૮,૦૪,૮૯૫ |
| બાંધી મુદત થાપણ | ૪૦,૬૫,૭૦૦ |
| કુલ સરવાળો | ૫૧,૩૩,૩૬,૫૯૫ |

## પરિશિષ્ટ - ૯

(સુગર યુનિટ)

| સ્થાયી મિલ્કત | તા. ૧-૪-૨૦૧૧નાં રોજ કુલ કિમંત | વર્ષ દરમ્યાન વધારો | વર્ષ દરમ્યાન ઘટાડો | તા. ૩૧-૩-૨૦૧૨નાં રોજ કુલ કિમંત |
|---|---|---|---|---|
| જમીન | ૨,૯૮,૭૦૪ | -- | -- | ૨,૯૮,૭૦૪ |
| બાંધકામ | ૧૩,૨૩,૪૯,૭૧૮ | ૧,૭૧,૯૮,૬૭૪ | -- | ૧૪,૯૫,૪૮,૩૯૨ |
| સુગર પ્લાન્ટ મશીનરી | ૧,૦૦,૭૯,૨૬,૮૭૪ | ૧,૦૭,૮૪,૬૭૧ | -- | ૧,૦૧,૮૭,૧૧,૫૪૫ |
| વોટર વર્કસ | ૨૪,૭૦,૭૧૬ | -- | -- | ૨૪,૭૦,૭૧૬ |
| એન્જી. મશીનરી | ૨,૩૩,૦૧૪ | -- | -- | ૨,૩૩,૦૧૪ |
| વર્કશોપ મશીનરી | ૬૭,૦૭,૦૮૧ | -- | -- | ૬૭,૦૭,૦૮૧ |
| વે બ્રીજીસ એન્ડ સ્કેલ | ૯,૧૮,૦૨૬ | ૯,૩૬,૬૦૦ | -- | ૧૮,૫૪,૬૨૬ |
| ઈલેક્ટ્રીક ઈન્સ્ટોલેશન | ૩,૭૩,૩૨,૯૦૭ | ૨૫,૮૭,૬૯૬ | -- | ૩,૯૯,૨૦,૬૦૩ |
| લાયબ્રેરી | ૧,૪૦,૧૨૬ | -- | -- | ૧,૪૦,૧૨૬ |
| ટ્રક-ટ્રેક્ટર | ૫૧,૩૩,૦૯૪ | -- | -- | ૫૧,૩૩,૦૯૪ |
| કાર-જીપ | ૬૬,૫૯,૬૨૦ | -- | -- | ૬૬,૫૯,૬૨૦ |
| ડેડ-સ્ટોક | ૫,૦૮,૯૫૮ | ૧,૨૫૦ | -- | ૫,૧૦,૨૦૮ |
| ફર્નીચર | ૨૮,૩૫,૦૫૧ | ૧૩,૬૧,૪૦૫ | -- | ૪૧,૯૬,૪૫૬ |
| ઓફિસ ઈકવીપમેન્ટ | ૨૭,૦૯,૬૨૯ | ૩,૧૫,૦૫૭ | -- | ૩૦,૨૪,૬૮૬ |
| ડીસ્પેન્સરી | ૫,૦૨૫ | ૮,૨૮૦ | -- | ૧૩,૩૦૫ |
| ટ્રેઈલર એન્ડ કાર્ટ | ૮૯,૨૭,૯૭૧ | -- | -- | ૮૯,૨૭,૯૭૧ |
| હોટ વોટર ટ્રીટમેન્ટ | ૩,૭૫,૪૬૩ | -- | -- | ૩,૭૫,૪૬૩ |
| વાયરલેસ ખાતુ | ૬,૨૨,૭૫૯ | -- | -- | ૬,૨૨,૭૫૯ |
| બાયો કંપોષ્ટ લેબો. | ૩૪,૮૯,૩૧૩ | -- | -- | ૩૪,૮૯,૩૧૩ |
| ટીસ્યુ લેબ ખાતુ | ૭,૨૭,૪૯૪ | -- | -- | ૭,૨૭,૪૯૪ |
| લેબ ઈકવીપમેન્ટ | ૭૬,૨૧૨ | ૧,૧૫,૫૪૪ | -- | ૧,૯૧,૭૫૬ |
| સોઈલ લેબ | ૧૨,૫૦,૬૫૬ | ૨૩,૮૭,૧૮૪ | -- | ૩૬,૩૭,૮૪૦ |
| હાર્વેસ્ટર મશીન | -- | ૧,૫૨,૯૪,૯૬૭ | -- | ૧,૫૨,૯૪,૯૬૭ |
| ઈ.ટી. પ્લાન્ટ | -- | ૧,૨૮,૯૫,૭૮૭ | -- | ૧,૨૮,૯૫,૭૮૭ |
| કુલ સરવાળો | ૧,૨૨,૧૬,૯૮,૪૧૧ | ૬,૩૮,૮૭,૧૧૫ | - | ૧,૨૮,૫૫,૮૫,૫૨૬ |

## પરિશિષ્ટ - ૧૦

| ઈન્વેસ્ટમેન્ટ | રૂપિયા |
|---|---|
| નેશનલ હેવી એન્જીનીયરીંગ કો.ઓપ.સો. ન્યુ-દિલ્હી | ૩,૦૦,૦૦૦ |
| ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક લિ; અમદાવાદ | ૫,૦૦૦ |
| ઈન્ડીયન ફાર્મસ ફર્ટીલાઈઝર કો. ઓપ. લિ; દિલ્હી | ૧,૯૩,૮૦૦ |
| ધી સુરત ડી. કો. ઓપ. બેંક લિ; સુરત | ૬,૧૨,૫૦૦ |
| ધી સુરત જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ સુરત | ૫૦૦ |
| ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. માર્કેટીંગ ફેડરેશન સોસાયટી લિ; અમદાવાદ | ૧૨,૦૦૦ |
| નેશનલ કો. ઓ. માર્કેટ ફેડરેશન લી-દિલ્હી નાફેડ | ૯૬,૦૦૦ |
| કૃષક ભારતી કો. ઓપરેટીવ લિ; | ૧,૦૦,૦૦૦ |
| ગુજરાત નર્મદાવેલી ફર્ટિલાઈઝર કંપની લિ; અમદાવાદ | ૪૭,૭૭૭ |
| ગુજરાત કો. ઓ. પેડી ગ્રોઅર્સ ફેડરેશન લિ; અમદાવાદ | ૫૧,૦૦૦ |
| પોસ્ટ ઓફિસ મઢી. | ૧,૦૦૦ |
| ગોદાવરી ફર્ટીલાઈઝર એન્ડ કેમીકલ લિ; | ૫,૦૦૦ |
| નેશનલ સેવિંગ્સ સર્ટીફિકેટ | ૧,૫૦૦ |
| કોપર કો. ઓ. સુગર લિ; દાદરીયા | ૩,૩૦,૦૦,૦૦૦ |
| કુલ સરવાળો | ૩,૪૪,૨૬,૦૭૭ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## પરિશિષ્ટ - ૧૧

(સુગર યુનિટ)

| ચલણી મિલ્કત | તા. ૩૧-૦૩-૨૦૧૧ | તા. ૩૧-૦૩-૨૦૧૨ |
|---|---|---|
| સ્પેર્સ | ૪,૯૦,૭૭,૩૯૬ | ૪,૭૩,૯૯,०૯૩ |
| સ્ટોર્સ (મશીનરી) | ૩,૪૦,૦૭,૧૭૬ | ૩,૫૬,૭૦,૮૦૧ |
| ટુલ્સ એન્ડ ઈકવીપમેન્ટ | ૧૨,૨૦,૮૪૨ | ૧૦,૬૮,૬૭૪ |
| મેનેજીંગ ડીરેકટરશ્રીએ પ્રમાણિત કરેલી યાદી મુજબ | | |
| ખાંડ સ્ટોક | ૧,૮૬,૦૩,૨૫,૨૬૬ | ૨,૦૧,૪૦,૨૬,૧૫૨ |
| મોલાસીસ સ્ટોક | ૨,૬૦,૬૭,૧૨૦ | ૭,૪૦,૦૮,૭૭૦ |
| બાયો કંપોસ્ટ એનરીચ સ્ટોક | ૩૭,૬૭,૫૦૦ | ૪,૩૮,૭૫૦ |
| બગાસ સ્ટોક | ૫૦,૦૦,૦૦૦ | ૪૦,૦૦,૦૦૦ |
| ડિઝલ સ્ટોક | ૧૯,૦૧,૧૧૦ | ૨૦,૦૮,૧૯૮ |
| કુલ સરવાળો | ૧,૯૮,૧૩,૬૬,૪૧૦ | ૨,૧૭,૮૬,૨૩,૪૩૮ |

## પરિશિષ્ટ - ૧૨

| અન્ય ખર્ચ | રૂપિયા |
|---|---|
| વાયરલેસ ખર્ચ | ૮૮,૨૪૬ |
| મેમ્બરશીપ ફીઝ | ૧૩,૩૩,૫૪૩ |
| જાહેરાત ખર્ચ | ૨,૯૩,૨૯૮ |
| ગેસ્ટ હાઉસ ખર્ચ | ૧,૧૩,૪૫૭ |
| બેંક ચાર્જીસ ખર્ચ | ૧,૦૩,૦૬૭ |
| લીગલ ચાર્જીસ | ૨,૦૮,૦૦૦ |
| શેરડી વિકાસ ખર્ચ | ૨૪,૩૫,૯૦૮ |
| શેરડી ઈનામ | ૫,૪૨૭ |
| પેપર એન્ડ સામાયિક | ૧૩,૮૭૩ |
| કોમ્પ્યુટર ખર્ચ | ૬,૮૩,૦૫૯ |
| પરચુરણ ખર્ચ | ૮,૭૯,૪૪૦ |
| સોઈલ લેબ ખર્ચ | ૨૯,૧૬૬ |
| જે.સી.બી. ખર્ચ | ૩,૬૭,૩૨૯ |
| સર્વિસ ટેક્ષ | ૯૫,૬૦૩ |
| કન્સલ્ટીંગ ફી | ૮,૮૪,૭૨૫ |
| ફેકટરી ફાર્મ આવક ખર્ચ સી. ૨૦૧૧-૨૦૧૨ | ૧,૫૫,૩૬૮ |
| પ્રાયલોટ પ્રોજેકટ ખર્ચ | ૨,૨૮,૫૨૦ |
| સુવર્ણ જયંતિ ફાળા ખર્ચ | ૬૦,૦૦૦ |
| કુલ સરવાળો | ૭૯,૭૮,૦૨૯ |

## પરિશિષ્ટ - ૧

(ડિસ્ટીલરી યુનિટ)

| મોલાસીસ ખરીદી | રૂપિયા |
|---|---|
| શરૂઆતનો સ્ટોક (તા. ૦૧-૦૪-૨૦૧૧) | ૧૨,૪૨,૦૦૦ |
| ઉમેરો : ખરીદી | ૧૩,૨૮,૦૧,૦૦૦ |
| બાદ : છેવટનો સ્ટોક (તા. ૩૧-૦૩-૨૦૧૨) | -- |
| કુલ સરવાળો | ૧૩,૪૦,૪૩,૦૦૦ |

## પરિશિષ્ટ - ૨

| રેકટીફાઈડ સ્પીરીટ વેચાણ | રૂપિયા |
|---|---|
| રેકટીફાઈડ સ્પીરીટ વેચાણ | ૨૮,૭૬,૮૩,૪૨૨ |
| બાદ : કમીશન ખર્ચ | ૨,૦૧,૬૭,૫૫૩ |
| | ૨૬,૭૫,૧૫,૮૬૯ |
| ઉમેરો : તા. ૩૧-૦૩-૨૦૧૨ નો છેવટનો સ્ટોક | ૯,૭૪,૪૦,૮૯૬ |
| | ૩૬,૪૯,૫૬,૭૬૫ |
| બાદ : તા. ૦૧-૦૪-૨૦૧૧ નો શરૂઆતનો સ્ટોક | ૭,૨૦,૬૮,૨૨૦ |
| કુલ સરવાળો | ૨૯,૨૮,૮૮,૫૪૫ |



# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ

## ડીસ્ટીલરી કમ

### તા. ૩૧મી માર્ચ ૨૦૧૨ ના રોજ પુરા થતાં

| ગયા વર્ષના આંકડા | વિગત | રૂપિયા |
|---|---|---|
| ૮,૯૩,૫૨,૦૦૦ | મોલાસીસ ખરીદ (પરિશિષ્ટ – ૧ મુજબ) | ૧૩,૪૦,૪૩,૦૦૦ |
| ૭૫,૧૪,૧૯૪ | વ્યાજ ખર્ચ | ૧૦,૨૯,૫૦૪ |
| ૪૫,૮૩,૪૯૩ | પગાર ખર્ચ | ૪૯,૮૬,૩૨૯ |
| ૫,૩૬,૪૬૭ | રેઈટ એન્ડ ટેક્ષીસ | ૩,૬૦,૧૮૯ |
| ૯૭,૬૨,૨૭૬ | કેમીકલ ખર્ચ | ૧,૩૦,૧૫,૧૧૩ |
| ૨,૯૨,૦૫૯ | ઈલેકટ્રીક ખર્ચ | -- |
| ૬,૨૧૦ | પ્રિન્ટીંગ એન્ડ સ્ટેશનરી ખર્ચ | ૭,૬૩૦ |
| ૨,૩૨,૫૮૧ | બાયો ફર્ટીલાઈઝર ખર્ચ | ૧,૬૩,૮૦૦ |
| ૧૮,૦૫૬ | લેબોરેટરી ખર્ચ | ૧,૨૨,૨૧૬ |
| ૪,૯૫,૨૯૬ | મજુરી ખર્ચ | ૫,૩૬,૦૯૬ |
| ૫,૨૯૫ | મુસાફરી ખર્ચ | ૧૮,૧૦૯ |
| ૭,૧૯૮ | પરચુરણ ખર્ચ | ૭,૧૦૬ |
| ૮,૭૮,૬૬૯ | રીપેર્સ એન્ડ મેઈન્ટેનન્સ ડીસ્ટીલરી પ્લાન્ટ | ૧૫,૫૬,૬૬૯ |
| ૬૩,૪૭૪ | કામદાર કર્મચારી ઓવર ટાઈમ | ૧,૧૩,૬૨૬ |
| ૧૪,૭૭,૯૬૮ | સ્પેન્ટવોશ નિકાલ ખર્ચ | ૧૯,૪૪,૫૮૯ |
| ૩૯,૦૧૧ | લુબ્રીકન્ટ ખર્ચ | -- |
| ૮,૬૬,૬૧૪ | મશીનરી ખર્ચ | -- |
| ૨,૧૦૦ | કોમ્પ્યુટર ખર્ચ | -- |
| -- | ટ્રાન્સપોર્ટ ચાર્જીસ | ૭,૦૨,૧૧૨ |
| -- | વિમા ખર્ચ | ૪,૪૬,૧૭૭ |
| ૧,૪૫,૧૫,૪૯૦ | ઘસારા ખર્ચ | ૧,૨૧,૩૬,૩૧૭ |
| ૫,૪૮,૫૬,૫૨૮ | ચોખ્ખો નફો | ૧૨,૧૬,૯૯,૯૬૩ |
| ૧૮,૫૫,૦૪,૯૭૯ | કુલ સરવાળો | ૨૯,૨૮,૮૮,૫૪૫ |

નોંધ :- પૈસાનો લોપ કરી પુરા આંકડા બતાવેલ છે. ગત વર્ષના આંકડાની જરૂર પડે ફરી ગોઠવણ કરેલ છે.

અમારા ઓડીટમેમોનાં શેરાને આધિન રહીને તપાસ્યું અને બરાબર છે.

જે. એસ. ડામોર
સ્પેશ્યલ ઓડીટર સ. મં. (સુગર)
મઢી.

એન. ટી. શાહ
ડે. ચીફ એકાઉન્ટન્ટ

સ્થળ :- મઢી.
તા. ૧૬-૧૦-૨૦૧૨

# સહકારી મંડળી લિ; મઢી.

## ઈથેનોલ પ્રોજેક્ટ

### ઉત્પાદન વેપાર તથા નફા-નુકશાન ખાતુ

| ગયા વર્ષના આંકડા | વિગત | રૂપિયા |
|---|---|---|
| ૧૮,૫૫,૦૪,૯૭૯ | રેકટીફાઈડ સ્પીરીટ વેચાણ (પરિશિષ્ટ-૨ મુજબ) | ૨૯,૨૮,૮૮,૫૪૫ |
| ૧૮,૫૫,૦૪,૯૭૯ | કુલ સરવાળો | ૨૯,૨૮,૮૮,૫૪૫ |

એમ. એલ. રાઠોડ
મેનેજીંગ ડાયરેકટર

સુરેશભાઈ જે. પટેલ
ઉપ-પ્રમુખ

દીલીપભાઈ બી. ભકત
પ્રમુખ

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ
## ડીસ્ટીલરી ક્રમ
### તા. ૩૧મી માર્ચ ૨૦૧૨ ના

| ગયા વર્ષના આંકડા | પુંજી તથા દેવું | | રૂપિયા |
|---|---|---|---|
| ૧૦,૨૪,૬૦,૮૩૪ | શ્રી મઢી વિભાગ ખાંડ ઉ. સ. મં. લિ; મઢી. (સુગર યુનિટ) | | ૩,૯૧,૨૮,૧૯૮ |
| ૫,૦૫૬ | ડિપોઝીટ | | -- |
| ૮૧,૨૫,૦૦૦ | બાંધીમુદત થાપણ | | ૬૫,૬૪,૯૦૦ |
| ૮૮,૬૮,૩૯૨ | ખર્ચ તથા માલ ખરીદી અંગેના દેવા | | ૭૧,૭૪,૭૧૨ |
| | વ્યાજના બાકી દેવા ખાતુ | ૫૩,૯૬,૯૪૭ | |
| | વેપારી ખાતુ | ૧૭,૭૭,૭૬૫ | |
| ૭,૯૮,૯૧,૩૯૮ | ઘસારા ફંડ | | ૯,૨૦,૨૭,૭૧૫ |
| | ગયા વર્ષ સુધીનું | ૭,૯૮,૯૧,૩૯૮ | |
| | ચાલુ વર્ષનો વધારો | ૧,૨૧,૩૬,૩૧૭ | |
| ૫,૪૮,૫૬,૫૨૮ | નફા-નુકશાન ખાતુ<br>ચાલુ વર્ષનો નફો સુગર યુનિટ ખાતે લઈ ગયા | | ૧૨,૧૬,૯૯,૯૬૩ |
| ૨૫,૪૨,૦૭,૨૦૮ | **કુલ સરવાળો** | | ૨૬,૬૫,૯૫,૪૮૮ |

નોંધ :- પૈસાનો લોપ કરી પુરા આંકડા બતાવેલ છે. ગત વર્ષના આંકડાની જરૂર પડે ફરી ગોઠવણ કરેલ છે.

અમારા ઓડીટમેમોનાં શેરાને આધિન રહીને તપાસ્યું અને બરાબર છે.

જે. એસ. ડામોર
સ્પેશ્યલ ઓડીટર સ. મં. (સુગર)
મઢી.

એન. ટી. શાહ
ડે. ચીફ એકાઉન્ટન્ટ

સ્થળ :- મઢી.
તા. ૧૬-૧૦-૨૦૧૨

# સહકારી મંડળી લિ; મઢી.
## ઈથેનોલ પ્રોજેક્ટ
## રોજનું સરવૈયુ

| ગયા વર્ષના આંકડા | મિલ્કત તથા લેણું | | રૂપિયા |
|---|---|---|---|
| ૧૪,૪૯,૬૪,૦૭૪ | સ્થાયી મિલ્કત (મુળ કિંમતે) | | ૧૪,૪૯,૬૮,૦૭૪ |
| | બાંધકામ | ૫,૯૩,૯૮,૭૮૮ | |
| | પ્લાન્ટ અને મશીનરી | ૭,૪૦,૮૭,૮૮૮ | |
| | ઈલેક્ટ્રીક ઈન્સ્ટોલેશન | ૧,૦૬,૭૮,૦૫૮ | |
| | લેબ ઈક્વીપમેન્ટ | ૫,૦૪,૦૩૧ | |
| | લેબોરેટરી | ૧,૨૮,૬૬૯ | |
| | ફર્નિચર | ૧,૪૨,૧૪૦ | |
| | ઓફિસ ઈક્વીપમેન્ટ | ૨૮,૫૦૦ | |
| ૭,૮૮,૩૫,૮૦૪ | ચલણી મિલ્કત | | ૧૦,૩૦,૨૮,૨૧૬ |
| | રેક્ટીફાઈડ સ્પીરીટ સ્ટોક (૩૧-૦૩-૨૦૧૨) | ૯,૭૪,૪૦,૮૯૬ | |
| | મશીનરી સ્ટોર્સ | ૬,૮૩,૭૩૧ | |
| | કેમીકલ સ્ટોર્સ | ૪૫,૯૧,૫૬૨ | |
| | ઈલેક્ટ્રીક સ્ટોર્સ | ૩,૧૨,૦૨૭ | |
| ૩,૦૪,૦૭,૩૩૦ | ખર્ચ અંગેના બાકી લેણા | | ૧,૮૫,૯૯,૧૯૮ |
| | ગ્રાહક | ૧,૭૭,૮૨,૭૨૦ | |
| | અગાઉ થી ચુકવેલ વિમો | ૮,૧૬,૪૭૮ | |
| ૨૫,૪૨,૦૭,૨૦૮ | કુલ સરવાળો | | ૨૬,૬૫,૯૫,૪૮૮ |

**એમ. એલ. રાઠોડ**
મેનેજીંગ ડાયરેક્ટર

**સુરેશભાઈ જે. પટેલ**
ઉપ-પ્રમુખ

**દીલીપભાઈ બી. ભકત**
પ્રમુખ

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ

## સંસ્થાએ છેલ્લા દશ વર્ષમાં કરેલ

| અ.નં. | વિગત | ૨૦૦૨–૨૦૦૩ | ૨૦૦૩–૨૦૦૪ | ૨૦૦૪–૨૦૦૫ | ૨૦૦૫–૨૦૦૬ |
|---|---|---|---|---|---|
| ૧. | શેરડી વાવેતર (એકરમાં) | ૪૦,૨૨૫.૨૮ | ૩૨,૦૪૨.૧૧ | ૨૪,૦૩૫.૨૮ | ૪૪,૯૩૯.૧૪ |
| ૨. | એકર દીઠ શેરડીનો ઉતારો(ટનમાં) | ૨૮.૭૪૫ | ૨૬.૦૯૮ | ૩૧.૧૮૭ | ૩૧.૬૨૩ |
| ૩. | શેરડીનું પીલાણ (ટનમાં) | ૧૦,૮૪,૮૮૯ | ૧૧,૧૦,૫૨૯ | ૭,૮૪,૯૦૭ | ૧૦,૬૧,૮૭૦ |
| ૪. | સીઝન દરમ્યાન પીલાણના દિવસો | ૧૯૪ | ૧૪૯ | ૧૨૧ | ૧૯૫ |
| ૫. | ખાંડનું ઉત્પાદન (દાગીના કવીન્ટલ) | ૧૧,૬૭,૬૬૯ | ૧૨,૫૮,૮૫૭ | ૮,૫૦,૩૨૧ | ૧૧,૬૧,૬૮૬ |
| ૬. | ખાંડની રીકવરી | ૧૦.૮૭ | ૧૧.૩૪ | ૧૦.૭૭ | ૧૦.૯૩ |
| ૭. | દાગીના દીઠ કુલ ઉત્પાદન ખર્ચ | ૧૧૭૪.૭૮ | ૧,૪૩૨–૫૧ | ૧,૯૫૩.૭૯ | ૧,૯૫૯.૮૭ |
| ૮. | ખાંડ ઉપજ રાશ (દાગીના દીઠ) | ૧૦૬૬.૮૪ | ૧,૩૫૪.૦૬ | ૧,૭૯૮.૬૮ | ૧,૮૧૫.૬૯ |
| ૯. | શેરડીનો ચુકવેલ ભાવ (ટીન દીઠ) | ૮૫૬ | ૧,૨૨૦ | ૧,૫૭૭ | ૧,૭૧૬ |
| | | (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) |
| ૧૦. | સભાસદ સંખ્યા | ૧૫,૩૧૧ | ૧૫,૪૫૬ | ૧૫,૫૭૬ | ૧૬,૩૯૬ |
| ૧૧. | શેર સંખ્યા | ૩૯,૭૬૩ | ૩૯,૮૦૪ | ૩૯,૮૪૫ | ૪૦,૪૫૫ |
| ૧૨. | રીઝર્વ ફંડ અને બીજા ફંડો (રૂા.) | ૩૬,૨૪,૭૬,૩૨૪ | ૪૧,૨૫,૭૬,૨૬૩ | ૪૫,૦૨,૮૪,૮૩૫ | ૪૯,૧૫,૧૮,૯૬૨ |
| ૧૩. | થાપણો (રૂા.) | ૭૧,૮૪,૭૮,૫૦૮ | ૮૪,૪૩,૯૪,૪૧૯ | ૮૮,૬૮,૧૧,૩૩૮ | ૮૫,૭૮,૬૨,૪૪૯ |
| ૧૪. | સ્થાયી મિલ્કત (રૂા.) | ૮૬,૬૩,૦૪,૮૪૫ | ૮૭,૧૧,૮૫,૯૭૦ | ૮૭,૪૫,૬૬,૪૧૯ | ૯૧,૪૫,૨૦,૪૧૬ |
| ૧૫. | આર.એસ.ઉત્પાદન (લીટર) | --- | --- | ૧૫,૧૭,૪૫૯ | ૬૦,૩૮,૧૫૦ |
| ૧૬. | મોલાસીસ વપરાશ (મે.ટન) | --- | --- | ૬,૨૧૦.૦૦૦ | ૨૨,૯૩૦.૦૦૦ |

**નોંધ :– પીલાણ સીઝન ૨૦૧૨–૨૦૧૩ માં વાવેતર કુલ એકર ૪૨,૨૩૫.૨૪ ગુંઠા છે.**
**પીલાણ ૧૧,૦૦,૦૦૦ મે. ટન થશે.**

# સહકારી મંડળી લિ; મઢી.

## કાર્યવાહી દર્શાવતું પત્રક

| ૨૦૦૬–૨૦૦૭ | ૨૦૦૭–૨૦૦૮ | ૨૦૦૮–૨૦૦૯ | ૨૦૦૯–૨૦૧૦ | ૨૦૧૦–૨૦૧૧ | ૨૦૧૧–૨૦૧૨ |
|---|---|---|---|---|---|
| ૪૪,૭૮૩.૩૧ | ૪૫,૪૭૨.૧૯ | ૪૩,૩૫૨.૩૨ | ૩૮,૬૪૪.૧૭ | ૪૫,૮૨૩.૨૩ | ૪૫,૦૩૭.૨૯ |
| ૩૨.૫૨૮ | ૩૧.૫૨૩ | ૨૫.૧૩૦ | ૩૦.૨૭૦ | ૩૧.૩૮૨ | ૨૬.૦૭૪ |
| ૧૧,૮૦,૯૦૭ | ૧૪,૯૪,૩૬૦ | ૧૧,૮૮,૫૯૩ | ૧૧,૪૩,૬૩૧ | ૧૧,૩૨,૭૫૨ | ૧૨,૫૭,૧૯૩ |
| ૨૨૮ | ૧૯૯ | ૧૩૯ | ૧૭૨ | ૨૧૨ | ૧૫૯ |
| ૧૩,૧૩,૧૭૫ | ૧૫,૩૮,૩૮૫ | ૧૨,૬૭,૧૮૫ | ૧૨,૦૮,૩૫૫ | ૧૧,૬૨,૮૧૫ | ૧૩,૧૯,૯૧૫ |
| ૧૧.૧૨ | ૧૦.૩૦ | ૧૦.૬૬ | ૧૦.૫૭ | ૧૦.૨૭ | ૧૦.૫૦ |
| ૧,૪૨૮.૧૨ | ૧,૪૯૮.૧૭ | ૨,૩૧૭.૦૭ | ૨,૯૩૨.૧૭ | ૨,૭૭૬.૯૯ | ૩,૧૧૪.૯૫ |
| ૧,૨૭૨.૫૪ | ૧,૩૨૫.૩૮ | ૧,૯૯૫.૭૦ | ૨,૬૬૦.૯૯ | ૨,૫૨૭.૪૬ | ૨,૭૫૯.૪૫ |
| ૧,૦૯૬ | ૧,૧૯૧ | ૨,૧૮૫ | ૨,૬૩૬ | ૨૩૦૬ | ૨૮૪૬ |
| (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) | (ગેટ ડીલીવરી) |
| ૧૭,૪૯૧ | ૧૭,૫૩૦ | ૧૭,૬૨૧ | ૧૭,૬૭૯ | ૧૭,૭૮૫ | ૧૭,૮૭૪ |
| ૪૧,૩૮૯ | ૪૧,૩૯૨ | ૪૧,૪૦૩ | ૪૧,૪૦૩ | ૪૧,૪૦૩ | ૪૧,૪૦૩ |
| ૫૨,૬૫,૮૯,૬૩૦ | ૫૬,૧૬,૨૦,૩૩૨ | ૫૯,૬૬,૭૧,૪૩૨ | ૬૨,૯૨,૪૮,૧૩૮ | ૬૭,૯૩,૨૬,૨૮૦ | ૭૨,૯૩,૫૨,૪૮૯ |
| ૭૧,૧૧,૬૮,૮૩૩ | ૫૨,૪૨,૮૧,૭૫૯ | ૫૨,૧૨,૮૬,૯૮૬ | ૫૯,૮૭,૨૩,૫૦૨ | ૬૧,૧૦,૬૧,૮૯૫ | ૫૧,૩૩,૩૬,૫૯૫ |
| ૧,૦૫,૫૨,૫૪,૪૦૩ | ૧,૦૯,૨૪,૬૭,૮૨૭ | ૧,૧૪,૦૪,૫૨,૮૯૫ | ૧,૧૬,૪૦,૩૫,૫૫૦ | ૧,૨૨,૧૬,૯૮,૪૧૧ | ૧,૨૮,૫૫,૮૫,૫૨૬ |
| ૭૭,૫૦,૮૭૭ | ૯૬,૨૦,૩૮૮ | ૮૦,૭૭,૭૦૦ | ૬૭,૮૫,૦૦૦ | ૭૮,૬૭,૬૦૦ | ૯૫,૩૮,૪૦૦ |
| ૨૮,૫૨૨.૦૦૦ | ૩૫,૫૩૨.૦૦૦ | ૨૮,૯૦૬.૦૦૦ | ૨૫,૧૪૪.૦૦૦ | ૨૮,૬૮૨.૦૦૦ | ૩૪,૦૦૮.૦૦૦ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## " શેરડીની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ "

**પ્રસ્તાવના :-**

સભાસદ મિત્રો શેરડીનું પ્રતિ એકરે ઉત્પાદન દિન પ્રતિદિન ઘટતું જોવા મળે છે, તે માટેનાં અનેક પરિબળો જવાબદાર હોય છે. જેવા કે વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિનો અભાવ, બિયારણની પસંદગી બાબતે નિષ્કાળજી, આડેધડ રાસાયણિક ખાતરોનો વપરાશ, પાણીની અછત, મજુરોની અછત, વીજળીની અછત, સેન્દ્રિય ખાતરોનો નહિવત વપરાશ, જમીનમાં અપુરતા નિતાર તથા એ જ ચીલાચાલુ ખેતી પદ્ધતિ, સમયસર પાક સંરક્ષણના પગલાનો અભાવ વિગેરે મુખ્યત્વે ગણી શકાય. આવા વિપરીત સંજોગો વચ્ચે શેરડીનું ઉત્પાદન પ્રતિ એકર દીઠ વધારી શકાય તે માટે નીચે મુજબ વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિનો અમલ કરવો અત્યંત જરૂરી છે.

**જમીનની તૈયારી :-**

જમીનમાં પુરતી વરાપે પ્લાવ કરી, હેરો મારી તથા કલ્ટીવેટર કરી જમીન ભરભરી બનાવો તથા ૩ ॥ થી ૪ ફુટના અંતરે અથવા જોડીયા હાર પદ્ધતિ માટે ૨ ॥ ફુટના અંતરે નીકીયા કાઢો, હાર્વેસ્ટીંગ મશીનથી શેરડી કાપણી કરાવવા માટે ૪ (ચાર) ફુટના અંતરે નિકિયા કાઢવા તથા તેની સાથે જ નિતારની વ્યવસ્થા અચૂક કરવી.

**નિંદામણ નિયંત્રણ :-**

દિન-પ્રતિદિન મજુરોની અછતને ધ્યાનમાં લઈ શેરડીનાં ખેતરને શરૂઆતથી જ નિંદામણ મુકત રાખવા માટે શેરડી વાવેતર બાદ નિંદામણ ઉગ્યા પહેલાની દવા ૨૪ થી ૭૨ કલાકમાં અથવા નિંદામણ ઉગ્યા બાદની દવાઓ ૮ થી ૧૦ દિવસે અથવા ૧૫ થી ૧૭ દિવસે ભલામણ કરેલ માત્રામાં લઈ અચુક છંટકાવ કરો, જેનાથી નિંદામણનાં ખર્ચમાં ૪૦ થી ૫૦ ટકા જેટલો ઘટાડો કરી શકાશે.

**ડ્રીપ ઈરીગેશન પદ્ધતિ :-**

જે વિસ્તારમાં પાણીની ખૂબજ અછત છે તેવા સભાસદો માટે તેમની શેરડીની ખેતીમાં ડ્રીપ ઈરીગેશન પદ્ધતિ ખુબ જ આશિર્વાદરૂપ છે. ડ્રીપ ઈરીગેશન સીસ્ટમ બેસાડવા માટે એસ. ટી. પ્રકારનાં ખેડૂતોને સરકારશ્રી તરફથી ૭૫ ટકા સુધી તથા સામાન્ય પ્રકારના ખેડૂતોને ૫૦ ટકા સુધી સબસીડી મળે છે. તદ્ઉપરાંત આપણી સંસ્થાના સભાસદ હોય તો તેમને સંસ્થા તરફથી પ્રતિ હેકટરે ₹ ૫,૦૦૦/- સબસીડી વધુમાં વધુ બે હેકટર માટે ₹ ૧૦,૦૦૦/- સુધી આપવાનું ચાલુ છે. આ બાબતે વધુ માહિતી માટે સંસ્થાનાં ખેતી વિભાગનો સંપર્ક કરવા વિનંતી છે.

**આંતરખેડ તથા પાળીયા ચઢાવવા :-**

શેરડી ઉગ્યાના બીજા, ત્રીજા તથા ચોથા માસે બળદજોડ એલન કરબથી આંતરખેડ કરાવવી. બે થી અઢી માસે હળવા પાળીયા તથા ત્રણથી સાડા ત્રણ માસે શેરડીનાં ચાસની ૧૦ ફુટની લંબાઈમાં ૯૦ થી ૧૦૦ પીલાં થાય ત્યારે જરૂરી રાસાયણિક ખાતરો તથા દાણાદાર જંતુનાશક દવાઓ મિશ્ર કરી નાંખી ભારે પાળીયા અચૂક ચઢાવવા.

**રાસાયણિક ખાતરો :-**

હાલમાં જ ચાલુ રો. સી. ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન રાસાયણિક ખાતરોના ભાવોમાં થયેલ ઘરખમ ભાવવધારાને ધ્યાનમાં લેતા રાસાયણિક ખાતરોની સાથે સેન્દ્રિય ખાતરોનો સમન્વય કરી સમયસર આપવા ખાસ ભલામણ છે. આ માટે નવસારી કૃષિ યુનિર્વસિર્ટી દ્વારા ભલામણ કરેલ માત્રા ૨૫૦-૧૨૫-૧૨૫ ના. ફો. પો. કી.ગ્રા./હેક્ટર મુજબ એટલે કે ૬૨.૫ - ૩૧-૩૧ ના. ફો. પો. કિ.ગ્રા./વિંઘુ મુજબ જ વાપરવા ખાસ અનુરોધ છે. આની સાથે ખાતરોની કાર્યક્ષમતા વધારવા માટેની નીચે મુજબના પગલાંઓ અચુક લેવા ખાસ ભલામણ છે.

(૧) તમારી જમીનનાં નુમનાનું સંસ્થામાં કાર્યરત સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરીમાં પૃથ્થકરણ કરાવી તેમાં ભલામણ કર્યા મુજબનાં જ ખાતરો વાપરવા.

(૨) ફોસ્ફેટીક ખાતરો જેવા કે ડી.એ.પી. / સિ. સુ. ફો. / નર્મદા ફોસ / એ. એસ. પી. વિગેરેમાં રહેલા ફોસ્ફરસ તત્વની લભ્યતા વધારવા માટે જૈવિક ખાતરો (બાયોફર્ટીલાઈઝર્સ) ફોસ્ફો, સોલ્યુબલાઈઝીંગ બેકટેરીયા ૧ કિ. ગ્રા./વિંઘુ મુજબ અચૂક ઉપયોગ કરો.

(૩) ફોસ્ફેટીક તથા પોટાશયુક્ત ખાતરો પાયામાં રોપણી સમયે તથા ભારે પાળીયા ચઢાવો ત્યારે અચૂક વાપરવા તથા આપ્યા બાદ હંમેશા માટીથી ઢાંકી દેવા તથા હંમેશા પાણી આપ્યા પહેલા આપવા.

(૪) નાઈટ્રોજનયુક્ત ખાતર ખાસ કરીને યુરીયા ખાતરને કોરૂ ન આપતા તેને નિમિન કોટેડ કરી અથવા લીંબોડીનાં તેલનો પટ આપી અથવા કોઈપણ પ્રકારના સેન્દ્રિય ખાતરો સાથે ભેળવીને શેરડીમાં પિયત આપ્યા બાદ જ આપવું. આમ નાઈટ્રોજનયુક્ત ખાતરો હંમેશા પાણી આપ્યા બાદ જ આપવું. આમ કરવાથી રાસાયણિક ખાતરોની કાર્યક્ષમતા વધશે. આમ રાસાયણિક ખાતરો ભલામણ કરેલ સમયે તથા ભલામણ કરેલ માત્રામાં જ આપવું અત્યંત જરૂરી છે.

**શેરડીમાં પાક સંરક્ષણનાં પગલાંઓ :-**

શેરડીનો પાક લાંબાગાળાનો તથા ખાંડનું પ્રમાણ વઘુ ઘરાવતો હોવાથી જુદીજુદી પ્રકારની જીવાતો તથા રોગોનો ઉપદ્રવ પણ જોવા મળે છે. (૧) જીવાતોમાં ખાસ કરીને વેઘકોનો ઉપદ્રવ વઘુ જોવા મળે છે. તો તેનું નિયંત્રણ ટ્રાઈકોકાર્ડ લગાવી કરવા ભલામણ છે. (૨) પાયરીલા નામની જીવાતનાં નિયંત્રણ માટે એપેરીકેનીયા નામની જીવાતના કોશેટા લાવી ઉપદ્રવવાળા પ્લોટમાં લગાવવા. (૩) સફેદ માખીનાં નિયંત્રણ માટે ટ્રાઈઝોફોસ નામની દવાનો ભલામણ કરેલ માત્રામાં છંટકાવ કરાવવો. (૪) ભીંગડાવાળી તથા ચીકટો(મીલીબગ્સ) નામની જીવાતનાં નિયંત્રણ માટે મેલાથીયોન નામની દવાનો છંટકાવ કરવો. (૫) સફેદ તથા લાલ પાન કથીરીનો ઉપદ્રવ જણાય તો મેટાસીસ્ટોક્ષ દવા અથવા કોઈપણ સીસ્ટેમીક પ્રકારની માઈટી સાઈડ દવા તથા (૬) વાઈટ વુલી એફીડસનાં નિયંત્રણ માટે મોનોક્રોટોફોસ એસીડ દવાનો

ભલામણ કરેલ માત્રામાં ૨૧-દિવસનાં અંતરે બે વખત છંટકાવ કરવો તથા ઉપદ્રવવાળા પાન ખેતરની બહાર કાઢી સળગાવીને નાશ કરવો.

**શેરડીના રોગો તથા નિયંત્રણ :-**

શેરડીનાં પાકમાં ખાસ કરીને ફુગ જન્ય મુખ્ય બે રોગો સુકારો (વીલ્ટ) તથા રાતડો (રેડ રોટ) નાં નિયંત્રણ માટે નીચે મુજબનાં પગલાંઓ અગાઉથી લેવા ભલામણ છે.

(૧) શેરડીનું ૮ થી ૧૦ માસનું અપરિપકવ રોગમુકત, તંદુરસ્ત બિયારણ વાપરવું.

(૨) શેરડીનાં બીજ પ્લોટમાં બીયારણને ફુગનાશક બાવીસ્ટીન દવાનો પટ આપીને તથા કોમર્શિયલ વાવેતર સમયે શેરડીનાં ટુકડાં ખેતરની બહાર પાડીને શોટીંગ કરીને વાવેતર માટે ઉપયોગમાં લેવા.

(૩) રોગવાળા ખેતરનું પાણી રોગમુકત પ્લોટમાં ન જાય તે મુજબ પિયત આપવું તથા નિતાર વ્યવસ્થા કરવી.

(૪) '' સંકલિત રોગ નિયંત્રણ'' માં દર્શાવ્યા મુજબ સમયસર પાક સંરક્ષણનાં પગલાઓ અચૂક લેવા.

**શેરડીમાં લામ પાક વ્યવસ્થા :-**

મિત્રો શેરડીનો લામ પાક એ બોનસ પાક ગણાય છે. જેનું ઉત્પાદન નવું રોપાણની સરખામણીએ ઓછું આવે છે, તેને વધારવા માટેનાં નીચે મુજબનાં પાંચ પગલાંઓ શરૂઆતથી જ લેવા ખાસ અનુરોધ છે.

(૧) કાપણી થયેલ શેરડીના ભોંય સપાટ ખૂંટા ટીંચવા.

(૨) ખૂંટા ટીચેલ શેરડીનાં ખુલ્લા ભાગ પર તથા આજુબાજુ કાર્બેન્ડીઝમ દવા ૨ ગ્રામ/લીટર પાણી તથા કલોરપાઈરીફોસ દવા ૨ મીલી/લીટર પાણી મુજબ દ્રાવણ બનાવી ડ્રેંચિંગ કરાવો.

(૩) ટ્રેકટરથી અથવા બળદજોડ એલનકરણથી બે વખત ખેડી કરી જુના મુળો તોડવા.

(૪) પ્રથમ પાણી આપો તેની સાથે જ ખાલા પૂરો.

(૫) રાસાયણિક ખાતરનો પ્રથમ હપ્તો ચાસની બાજુમાં ફરજિયાત ઓરીને જ આપવો.

આમ ઉપરોકત પાંચ મુદ્દાઓનો ફરજિયાત અમલ કરી ત્યારબાદ ભલામણ મુજબનાં રાસાયણિક ખાતરો સમયસર આપવાથી લામ શેરડીનું ૪ થી ૫ ટન/એકરે દીઠ ઉત્પાદન વધારી શકાશે.

**(૧) શેરડીનાં ટીસ્યુકલ્ચર રોપાઓ :-**

ચાલુ શેરડી રો. સી. ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન શેરડીની વધુ ઉત્પાદન તથા રીકવરી આપતી જાતો કો. ૮૬૦૩૨, કો. ૮૬૦૦૨, કોન ૯૯૦૦૪ વિગેરે જાતોના ટીસ્યુકલ્ચર રોપાઓ વી. એસ. આઈ., પુના તથા નવસારી કૃષિ યુનિવર્સીટી પાસેથી મેળવી ડીસેમ્બર થી માર્ચ-૨૦૧૩ સુધીમાં વિતરણ કરવાનું નકકી કરેલ છે. જેના છોડ દીઠ ₹ ૩/- સબસીડી આપવાનું નકકી કરેલ છે. જે મેળવવા માટે ખેતી વિભાગમાં આવી જરૂરી માંગણી ફોર્મ ભરી જવા વિનંતી છે.

**(૨) બાયોકંટ્રોલ લેબોરેટરી :–**

સંસ્થામાં કાર્યરત બાયોકંટ્રોલ લેબોરેટરીમાં તૈયાર કરવામાં આવેલા ટ્રાઈકોકાર્ડ, શેરડીના વેધકોનાં નિયંત્રણ માટે ૧–કાર્ડના છ સરખા ભાગ કરી એક એકરમાં શેરડીનાં પાનની નીચેની સપાટીએ લગાવવા. જે ''વિનામૂલ્યે'' વિતરણ કરવામાં આવે છે.

**(૩) પ્રેસમડ બાયો કંપોષ્ટ / એનરીચ પ્રેસમડ બાયો કંપોષ્ટ :–**

સંસ્થામાં કાર્યરત ડીસ્ટીલરી પ્લાન્ટમાંથી નીકળતું સ્પેન્ટ–વોશને પ્રેસમડ + ફલાય એશ તથા બગાસ મિશ્ર કરી તેમાં યોગ્ય માત્રામાં ઉમેરી પ્રેસમડ બાયોકંપોષ્ટ તૈયાર કરવામાં આવે છે. જેમાં ₹ ૧૦૦/–પ્રતિટન સબસીડી (સહાય) આપી ₹ ૨૦૦.૦૦ પ્રતિટન + વાહતુક ચાર્જ મુજબના ભાવેથી વેચાણ આપવાનું નકકી કરેલ છે. વાહતુક ભાડા બાબતે સભાસદોને ચાલુ રો.સી. ૨૦૧૨–૨૦૧૩ દરમ્યાન વધુમાં વધુ ૪૦ કી.મી. સુધીનું ભાડું જે તે સભાસદ પાસેથી વસુલ કરવામાં આવશે. ૪૦ કી.મી. થી વધારાનાં કી. મી. નું વાહતુક સંસ્થા ભોગવશે.

તદ્‌ઉપરાંત સદર કંપોષ્ટમાં જરૂરી જૈવિક ખાતરોના કલ્ચરો તથા જૈવિક ફુગનાશક કલ્ચરો ઉમેરી એનરીચ–પ્રેસમડ કંપોષ્ટ તૈયારી કરી તેને ૫૦ કિ. ગ્રામની બેગ ભરી તૈયાર કરી ₹ ૪૦/– પ્રતિ ગુણી + ટ્રાન્સપોર્ટ ચાર્જ મુજબ તથા આવું એનરીચ પ્રેસમડ કંપોષ્ટ લુઝમાં ₹ ૪૭૫/– પ્રતિ ટન + ટ્રાન્સપોર્ટ ચાર્જ મુજબ વેચાણથી આપવાનું નકકી કરેલ છે, તો તેનો પણ શેરડીનાં પાકમાં વપરાશ કરવા ખાસ ભલામણ છે.

**(૪) સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરી :–**

આપણી સંસ્થા દ્વારા આર. કે. વી. વાય. યોજનાં હેઠળ સોઈલ /માઈક્રોન્યુટ્રીઅન્ટસ લેબોરેટરીની સ્થાપના કરવામાં આવેલ છે. જેમાં ચાલુ રોપાણ સીઝન ૨૦૧૨–૨૦૧૩ દરમ્યાન વાવેતર થયેલ હોય તેવા સભાસદોનાં સોઈલ સેમ્પલ તથા પાણીનાં નમુનાનું વૈજ્ઞાનિક ઢબે પૃથ્થકરણ કરી તેમાં તેના રીપોર્ટ મોકલવામાં આવશે. તો તે મુજબ જ રાસાયણિક ખાતરોનો વિવેકપૂર્વક ઉપયોગ કરવા ખાસ ભલામણ છે.

આમ ઉપર મુજબની વિવિધ સબસીડી યોજનાઓ હેઠળ શેરડીનું વૈજ્ઞાનિક પધ્ધતિથી વાવેતર કરી પ્રતિ એકરદીઠ ગુણવત્તાયુકત શેરડીનું વધુમાં વધુ ઉત્પાદન કરી તંદુરસ્ત શેરડીનો પુરવઠો પુરો પાડવા માટેની શકિત સૌને આપે એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

**આપનો વિશ્વાસુ,**

**હેમાંશુભાઈ જે. શાહ**
કેઈન પ્રોકયોરમેન્ટ મેનેજર

**મહાદેવભાઈ ડી. વશી**
ઈ. ચા. કેઈન ડેવલપમેન્ટ મેનેજર

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

| ૨૦૧૦–૨૦૧૧ | સિઝન | ૨૦૧૧–૨૦૧૨ |
|---|---|---|
| ૧૧,૩૨,૭૫૨.૩૭૦ | પિલાણ શેરડી ટન | ૧૨,૫૭,૧૯૨.૫૨૦ |
| ૧૧,૬૨,૮૧૫ | ખાંડ ગુણી ઉત્પાદન | ૧૩,૧૯,૯૧૫ |
| ૧૦.૨૭ | રીકવરી | ૧૦.૫૦ |

| ખાંડ ગુણી દીઠ | રકમ રૂ. | શેરડી ટન દીઠ | વિગત | ખાંડ ગુણી દીઠ | રકમ રૂ. | શેરડી ટન દીઠ |
|---|---|---|---|---|---|---|
| ૨૫૨૭.૪૬ | ૨,૯૩,૮૯,૬૮,૪૬૩ | ૨૫૯૪.૫૪ | ખાંડ | ૨૭૫૯.૪૫ | ૩,૬૪,૨૨,૪૩,૧૧૪ | ૨,૮૯૭.૧૨ |
| ૩૧.૬૯ | ૩,૬૮,૫૨,૦૦૮ | ૩૨.૫૩ | બગાસ | ૩૫.૧૩ | ૪,૬૩,૬૭,૯૪૩ | ૩૬.૮૮ |
| ૧૩૬.૯૫ | ૧૫,૯૨,૫૦,૨૩૪ | ૧૪૦.૫૯ | મોલાસીસ | ૨૦૪.૯૩ | ૨૭,૦૪,૮૩,૮૯૫ | ૨૧૫.૧૫ |
| ૦.૩૮ | ૪,૩૬,૮૦૧ | ૦.૩૯ | પ્રેસમડ | ૦.૩૭ | ૪,૯૧,૮૭૪ | ૦.૩૯ |
| ૨૪.૫૨ | ૨,૮૫,૧૩,૪૬૧ | ૨૫.૧૭ | વ્યાજ આવક | ૧૦.૨૧ | ૧,૩૪,૭૪,૦૩૭ | ૧૦.૭૨ |
| ૧૩.૪૫ | ૧,૫૬,૩૮,૫૫૧ | ૧૩.૮૧ | અન્ય આવક | ૧૩.૭૯ | ૧,૮૨,૦૪,૩૧૦ | ૧૪.૪૮ |
| ૪૭.૧૮ | ૫,૪૮,૫૬,૫૨૮ | ૪૮.૪૩ | ડીસ્ટીલરી વિભાગનો નફો | ૯૨.૨૦ | ૧૨,૧૬,૯૯,૯૬૩ | ૯૬.૮૦ |
| ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | વાહન વેચાણ નફો | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૭૮૧.૬૩ | ૩,૨૩,૪૫,૧૬,૦૪૬ | ૨૮૫૫.૪૫ | કુલ આવક | ૩૧૧૬.૦૮ | ૪,૧૧,૨૯,૬૫,૧૩૬ | ૩,૨૭૧.૫૫ |
| ૨૨૫૭.૩૭ | ૨,૬૨,૪૯,૦૦,૬૧૭ | ૨૩૧૭.૨૮ | શેરડીના ચુકવ્યા | ૨૫૯૮.૪૪ | ૩,૪૨,૯૭,૧૬,૩૬૪ | ૨૭૨૮.૦૮ |
| ૪૫.૩૦ | ૫,૨૬,૭૫,૬૬૮ | ૪૬.૫૦ | શેરડી ખરીદ વેરો | ૫૨.૧૧ | ૬,૮૭,૭૯,૬૩૩ | ૫૪.૭૧ |
| | | | **ઉત્પાદન ખર્ચ** | | | |
| ૨.૧૪ | ૨૪,૯૦,૮૨૫ | ૨.૨૦ | બળતણ ખર્ચ | ૧.૪૪ | ૧૯,૦૬,૦૨૭ | ૧.૫૨ |
| ૫.૩૭ | ૬૨,૪૮,૬૦૬ | ૫.૫૨ | લુબીકન્ટસ ખર્ચ | ૬.૮૩ | ૯૦,૧૮,૭૭૪ | ૭.૧૭ |
| ૨૬.૭૬ | ૩,૧૧,૧૬,૯૧૭ | ૨૭.૪૭ | કેમીકલ ખર્ચ | ૩૬.૨૩ | ૪,૭૮,૧૫,૦૭૧ | ૩૮.૦૩ |
| ૪૬.૩૫ | ૫,૩૮,૯૪,૮૨૫ | ૪૭.૫૮ | પેકીંગ ખર્ચ | ૫૦.૧૯ | ૬,૬૨,૪૨,૫૬૬ | ૫૨.૬૯ |
| ૧૪૦.૩૪ | ૧૬,૩૧,૮૮,૬૧૧ | ૧૪૪.૦૬ | મજુરી પગાર ખર્ચ | ૧૩૫.૪૮ | ૧૭,૮૮,૧૬,૧૪૭ | ૧૪૨.૨૩ |
| ૬૨.૮૨ | ૭,૩૦,૪૮,૯૦૮ | ૬૪.૪૯ | રીપેર્સ મેન્ટે. પ્લાન્ટ મશીનરી ખર્ચ | ૬૩.૨૯ | ૮,૩૫,૩૭,૧૦૩ | ૬૬.૪૫ |
| ૧૦.૦૭ | ૧,૧૭,૦૪,૪૬૫ | ૧૦.૩૩ | ઈલેકટ્રીક ખર્ચ | ૯.૬૯ | ૧,૨૭,૮૫,૦૮૯ | ૧૦૧૭ |
| ૨૯૩.૮૫ | ૩૪,૧૬,૯૩,૧૫૭ | ૩૦૧.૬૫ | કુલ ઉત્પાદન ખર્ચ | ૩૦૩.૧૪ | ૪૦,૦૧,૨૦,૭૭૭ | ૩૧૮.૨૭ |
| | | | **વહીવટી ખર્ચ** | | | |
| ૩૨.૩૮ | ૩,૭૬,૫૩,૬૨૨ | ૩૩.૨૪ | પગાર ખર્ચ | ૩૦.૬૦ | ૪,૦૩,૮૮,૧૨૪ | ૩૨.૧૩ |
| ૮૨.૩૬ | ૯,૫૭,૭૩,૪૨૫ | ૮૪.૫૫ | વ્યાજ ખર્ચ | ૬૭.૪૬ | ૮,૯૦,૪૬,૨૨૨ | ૭૦.૮૩ |
| ૨૨.૭૩ | ૨,૬૪,૨૬,૩૬૭ | ૨૩.૩૩ | અન્ય ખર્ચ | ૨૫.૩૨ | ૩,૩૪,૧૮,૭૪૪ | ૨૬.૫૮ |
| ૧૩૭.૪૭ | ૧૫,૯૮,૫૩,૪૧૪ | ૧૪૧.૧૨ | કુલ વહીવટી ખર્ચ | ૧૨૩.૩૮ | ૧૬,૨૮,૫૩,૦૯૦ | ૧૨૯.૫૪ |
| ૪૩.૦૦ | ૫,૦૦,૦૦,૦૦૦ | ૪૪.૧૪ | ઘસારો | ૩૭.૮૮ | ૫,૦૦,૦૦,૦૦૦ | ૩૯.૭૭ |
| ૪.૬૪ | ૫૩,૯૩,૧૯૦ | ૪.૭૬ | ચોખ્ખો નફો | ૧.૧૩ | ૧૪,૯૫,૨૭૨ | ૧.૧૯ |
| ૨૭૮૧.૬૩ | ૩,૨૩,૪૫,૧૬,૦૪૬ | ૨૮૫૫.૪૫ | કુલ સરવાળો | ૩,૧૧૬.૦૮ | ૪,૧૧,૨૯,૬૫,૧૩૬ | ૩,૨૭૧.૫૫ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## :: અધિકારી વર્ગ ::

| અ.નં. | નામ | શૈક્ષણિક લાયકાત | હોદ્દો |
|---|---|---|---|
| ૧ | શ્રી એમ. એલ. રાઠોડ | બી. ઈ. મિકેનિકલ | મેનેજીંગ ડીરેકટર |
| ૨ | શ્રી યોગેશકુમાર સી. ભાવસાર | ડી.એમ.ઈ. ફર્સ્ટ કલાસ<br>સેકન્ડ કલાસ બોઈલર પ્રોફીસીયન્સી | ચીફ એન્જીનિયર |
| ૩ | શ્રી આર. સી. બડગુજર | બી. એસસી; એવીએસઆઈ<br>(સુગર ટેક) | ચીફ કેમીસ્ટ |
| ૪ | શ્રી પ્રવિણભાઈ ઝેડ. મિસ્ત્રી | બી.એસસી; (એગ્રી.) | સી.ડી.એમ. |
| ૫ | શ્રી હેમાંશુભાઈ જે. શાહ | બી.એસસી; (એગ્રી.) | સી.પી.એમ. |
| ૬ | શ્રી નિલેશભાઈ ટી. શાહ | બી.કોમ., | ડેપ્યુટી ચીફ એકાઉન્ટન્ટ |
| ૭ | શ્રી જશવંતસિંહ પી. સોલંકી | બી.એ. | ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ/<br>ઈનચાર્જ લેબર ઓફિસર |
| ૮ | ડૉ. ડી. એસ. હરસોલા | એમ. બી. બી. એસ. | મેડીકલ ઓફિસર |
| ૯ | શ્રી પ્રકાશભાઈ જી. દેસાઈ | એમ. કોમ., એલ. એલ. બી. | પરચેઝ ઓફિસર |
| ૧૦ | શ્રી ભરતભાઈ ડી. પટેલ | બી. એસસી; ડી.આઈ.એફ.એ.ટી. | ડીસ્ટીલરી ઈનચાર્જ |

## :: બેન્કર્સ ::

૧. ઘી સુરત ડીસ્ટ્રીકટ કો–ઓ. બેંક લિ; સુરત.
૨. ઘી સુરત ડીસ્ટ્રીકટ કો–ઓ. બેંક લિ; મઢી શાખા.
૩. બેંક ઓફ બરોડા, મઢી શાખા.
૪. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, મઢી/બારડોલી શાખા.
૫. દેના બેંક, સુરાલી શાખા.
૬. એચ. ડી. એફ. સી. બેંક લિ; બારડોલી શાખા.
૭. આઈ. સી. આઈ. સી. આઈ. બેંક લિ; બારડોલી શાખા.

## -:: રજીસ્ટર્ડ ઓફિસ ::-


**શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ;**
**મઢી. તાલુકો : બારડોલી. જિ. સુરત. (ગુજરાત).**

## -:: ઓડિટર્સ ::-

**શ્રી સ્પેશ્યલ ઓડિટર, સહકારી મંડળીઓ,**
**(સુગર) મઢી.**

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

પ્રકાશક :- શ્રી દિલીપભાઈ ભીખાભાઈ ભકત – પ્રમુખશ્રી
શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી. બારડોલી. જિ.સુરત.
મુદ્રક :- હેમંત પ્રિન્ટીંગ પ્રેસ,મઢી. ફોન :- ૨૪૧૧૧૧


સુગર પ્લાન્ટ


ડિસ્ટીલરી પ્લાન્ટ

બુક-પોષ્ટ

રવાના :

જા. નં. : / ૨૦૧૨ – ૨૦૧૩

શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.
મુ. પો. મઢી– ૩૯૪ ૩૪૦, પો. બો. નં. ૫, તા. બારડોલી જિ. સુરત.
ફોન નં : (૦૨૬૨૨) ૨૭૧૦૪૮, ૨૭૨૧૪૧, ૨૭૧૦૧૩, ૨૭૨૭૧૮
ફેકસ નં. : (૦૨૬૨૨) ૨૭૧૦૧૪
ગ્રામ : ''ખાંડ ઉદ્યોગ''
ઈમેઈલ : madhisugar@rediffmail.com

પ્રતિ,
શ્રી ______________________
મુ. ____________ પો. : ____________
તા. ____________ જિ. : ____________